અમરેલી, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.Amreli / 69/15-17 Validup to 31/12/17

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY

પાના ૮ કિંમત રૂા.૩-૦૦
તા.૭-૨-૨૦૧૫ શનિવાર

અવધ ટાઇમ્સ

સૌરાષ્ટ્ર આવૃત્તિ
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ : ૨૨૦૧૫૫ /૨૨૪૯૪૭
99096 11211
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,avadhtimes1@rediffmail.com, news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ, હેડપોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૭૧ મહા વદ ૪ વર્ષ : ૧૯ અંક ૧૪૪

અમરેલીમાં કન્યા કેળવણી માટે અને અમરેલીને બહારવટીયાથી બચાવવા જમીન આપનાર ઘાંચી ગોરા ડોસાના વારસદાર દ્વારા કાનુની કાર્યવાહી

અમરેલી કન્યાશાળા, શાક માર્કેટની જગ્યા પરત મેળવવા કાર્યવાહી

૧૯૨૧ની સાલમાં થયેલા ૯૦ વર્ષના કરાર ૨૦૧૧ની સાલમાં પુરા થઇ ગયા

અમરેલીની શાકમાર્કેટ તથા કન્યાશાળામાં શોપીંગ સેન્ટરો બાંધી પાલિકાએ હેતુફેર કર્યા

સરદાર વલ્લભભાઇ પટેલની અપીલને માન આપીને ૧૯૪૮માં જમીન યથાવત રખાયેલ

અમરેલી, અમરેલીની શાકમાર્કેટ તથા કન્યાશાળાની જમીન તેના મુળ માલિક ૨૦૧૧ની સાલમાં સોંપવા થયેલા ઘાંચી ગોરા ડોસાના વારસદારોને અંગ્રેજીમાં ગ્રામીણ જમીન પરત મેળવવા જમીનના મુળ માલિકના વારસદાર વલીભાઇ મેતરે કાનુની કાર્યવાહી શરૂ કરી હોવાનું જાણવા મળેલ

(અનુસંધાન પાનાનં.૩)

કરાશે મસાણે ગયા લાકડા પાછા ન આવે તે આનુ નામ

અમરેલીમાંથી રૂા. ૩૩ લાખની ઠગાઇ કરનાર ઠગ રાજકુમાર સથવારાએ ઠગાઇની રકમ ફુંકી મારી

અમરેલીના નિવૃત બેંક મેનેજર સાથે ૩૩ લાખની ઠગાઇ કરનાર ઠગનો ટ્રાન્સફર વોરંટની શહેર પોલીસે કબ્જો સંભાળી રીમાન્ડ ઉપર લેતા બહાર આવેલી વિગતો

અમરેલી, અમરેલીમાં રોકાણ કરવાના બહાને રૂપિયા ૩૩ લાખની ઠગાઇ કરનાર ઠગનો અમરેલી પોલીસે સાબરમતી જેલમાંથી કબ્જો લઈને

(અનુસંધાન પાનાનં.૩)

ગારીયાધાર નજીક માનપુરમાં રહેણાંકમાં તસ્કરોએ ત્રાટકી ૯૪ હજારની મતા ચોરી

ગઈકાલ રાતના તસ્કરોએ મકાનમાં ત્રાટકી નકુચા તોડયા અને હાથફેરો કર્યો

ગારીયાધાર,ગારીયાધારના માનપુર ગામે ગોવિંદભાઈ પ્રાગજીભાઈ માવાણીના ડેલામાં નકુચા તોડી મકાનમાં પ્રવેશીને ઘરવખરીમાં ફાફાંફોળા કરી સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ રૂા.૨૦૦૦ મળી કુલ ૯૪

(અનુસંધાન પાનાનં.૩)

રાજુલાના વિકટરમાં જુગાર રમતા ચાર ઝડપાયા

પોલીસે દરોડો પાડી જુગારની મતા કબ્જે લીધી

અમરેલી,રાજુલાના વિકટરમાં રહેતા ભુપત ડાયા બારૈયા, રાહુલ છગન બાંભણીયા, ઉસ્માન આબા ગાહા, બાબુ સોમાત ભીલને રોકડ રૂા. ૫૦૫૦ ની રોકડ સાથે એ.એસ.આઈ. એ.જી.પાડાએ ઝડપી લઈ ગુનો નોંધેલ છે. રેઈડ દરમિયાન ગીરીશ ગીગા, પ્રાકશ બાવાજી, સુફી જુસુબ, હનીફ જુસુબ ગાસી નાસી છુટયા હતા.

લાલાવદરની મહિલાને છેડતી કરી

અમરેલી,અમરેલીના લાલાવદરમાં રહેતી લીલાબેન હકુભાઈને ગામના ખોડ રામ વાળાએ બાવકુ પકડી છેડતી કર્યાની ફરીયાદ અમરેલી તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલ છે. એ.એસ.આઈ. એસ.કે.બરજોડ તપાસ ચલાવી રહ્યા છે.

અમરેલીના મોટા આંકડીયા ગામ થી પાટખીલોરી સુધીના રોડના કામમાં વ્યાપક ભ્રષ્ટાચાર ...?

જિલ્લા યુવા શક્તિ સંગઠન અમરેલીના શ્રી લાલભાઇ બોદરે કરેલા આક્ષેપો

અમરેલી, અમરેલીના મોટા આંકડીયાથી પાટખીલોળી સુધીના રોડના કામમાં વ્યાપક ભ્રષ્ટાચારની આશંકા જિલ્લા યુવા શક્તિ સંગઠનના લાલભાઈ બોદરે વ્યક્ત કરી જણાવ્યુ છે.જિલ્લા પંચાયત દ્વારા મોટા આંકડીયાથી લુણીધાર, માયાવદર, બાંભણીયાથી, પાટખીલોળી સુધીના રસ્તાને થોડા સમય પહેલા સીંગલપટ્ટીમાંથી સાઈડ વાઈડનીંગ કરીને રસ્તો પહોળો કરવામાં આવેલ છે. આ રસ્તો જોતા રફ રસ્તા કરતા પણ બદતર હાલતમાં છે. જેમાં તુટેલ ભાગમાં

(અનુસંધાન પાનાનં.૩)

અમરેલીમાં ભેળસેળ પ્રતિબંધક ધારાના ભંગ બદલ વેપારીને એક વર્ષની સાદી કેદની સજા

સાત વર્ષ પહેલા ફરસાણના વેપારીની લુજ સેવમાં ભેળસેળ જણાતા ગુનો નોધાવેલ

અમરેલી, અમરેલી શહેરના ફરસાણના વેપારીને ખાદ્યપદાર્થ ભેળસેળ પ્રતિબંધક ધારા હેઠળ અહીંની કોર્ટ વેપારીને એક વર્ષની સાદી કેદ અને દંડની સજા ફટકારી હતી.અમરેલી ચિતલરોડ ઉપર જય રામનાથ ફરસાણની દુકાન ચલાવતા રાજેશ નટવરલાલ રાવલની દુકાનમાંથી સન.૨૦૦૮ની સાલમાં

(અનુસંધાન પાનાનં.૩)

દામનગરમાં ઘર પાસે રાખેલ બાઈક ચોરાયું

અમરેલી,દામનગરમાં રહેતા વલ્લભભાઈ બચુભાઈ નારોલા ના ઘરે લગ્ન પ્રસંગે હોવાથી તા. ૨૪/૧ ના ડીસ્કવર બાઈક જી.જે. ૧૪ એસ. ૩૯૧૦ શેરીમાં રાખેલ જે કોઈ હરામખોરો ચોરી કરી ગયાની દામનગર પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.

ખાંભાના નવા માલકનેસમાં જુના મનદુ:ખ પ્રશ્ને કુહાડી ઝીંકી દીધી

હુમલો કરનાર દંપતિ સામે ફરિયાદ નોંધાવી

અમરેલી, ખાંભાના નવા માલકનેસમાં રહેતા પડોશી વચ્ચે જુના મનદુ:ખ પ્રશ્ને મારામારીની ફરીયાદ નોંધાઈ છે.આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર ખાંભાના નવા માલકનેસમાં રહેતા બચુભાઈ ભીખાભાઈ કોળીને એક વર્ષ પહેલા મકાનના ધાબા બાબતે પડોશી કેશુભાઈ સોલંકીએ તકરાર કરેલ જેનું મનદુ:ખ રાખી કેશુ ટપુ સોલંકી અને તેની પત્નીએ કુહાડી વડે મારમાર્યાની ફરીયાદ અમરેલી તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલ છે.

ગઇ કાલે સાત કેસ સ્વાઇનફલુના નોંધાયા બાદ આજે

અમરેલી જિલ્લામાં વધુ બે સ્વાઇન ફલુના કેસો નોંધાયા : વધુ ત્રણ કેસો શંકાસ્પદ

અમરેલી અને ડાંગાવદર, ઇંગોરાળાની વ્યક્તિને સ્વાઇનફલુ પોઝીટીવ : ત્રણ શંકાસ્પદ કેસો : તબીબો દ્વારા અપાતી સારવાર

અમરેલી,અમરેલી જિલ્લામાં સ્વાઈનફલુનો રોગ ચાળો ધીમે ધીમે પોતાનો પગપેસારો કરી રહ્યો છે. અગાઉ જિલ્લામાં સ્વાઈન ફલુના સાત પોઝીટીવ કેસો નોંધાયા બાદ આજે વધુ બે કેસો નોંધાયા છે. અમરેલી જિલ્લામાં ડાંગઈંગોરાળા અને અમરેલીના વ્યક્તિના સ્વાઈનફલુના સેમ્પલો મોકલાતા બંનેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. આજે અમરેલી સીવીલ હોસ્પીટલમાં વધુ ત્રણ શંકાસ્પદ કેસો નોંધાયા છે. અને ત્રણ સેમ્પલો લેબોરેટરીમાં મોકલાયા છે.

ભુંડણીમાં બાળકને ફાડી ખાનાર દિપડી પાંજરે પુરાઈ

જસાધાર બાદ સકરબાગ ઝુમાં આજીવન કેદમાં મોકલાશે

ધારી, ખાંભા તાલુકાના ભુંડણી સીમમાં બાળકને ફાડી ખાનાર દિપડી પાંજરે કેદ થયેલ છે.ડીએફઓ અંશુમન શર્માના માર્ગદર્શન હેઠળ આર.એફ.ઓ. જે.એમ.માળવી રેસ્કયુ ટીમના પ્રતાપભાઈ ખુમાણ બીટ ગાર્ડ એમ.એસ.પલાસ, કોટવાળ દ્વારા સીમમાં પાંજરા ગોઠવી નજર રાખવામાં આવેલ જેમાં એક દિપડી પાંજરે કેદ થયેલ છે. જેમને હાલ જસાધાર અને બાદમાં આજીવન કેદ માટે સકરબાગ ઝુમાં મોકલી આપવામાં આવશે. તેમ હસમુખ દવેની યાદીમાં જણાવેલ છે.

અમરેલી પંથકમાં શરૂ થયેલા સ્વાઈનફલૂ સામે લડવા માટે

મંગળવારે આરોગ્ય તંત્રના નોડલ ઓફિસર શ્રી કમલેશ ઉપાધ્યાય અમરેલીમાં : તબીબો સાથે ખાસ બેઠક યોજશે

અમરેલીની સ્થિતીની સમીક્ષા કરાશે : તબીબોને જરૂરી પણ માર્ગદર્શન અપાશે

અમરેલી, અમરેલીમાં મંગળવારે ગુજરાતના આરોગ્ય વિભાગના નોડલ ઓફીસર શ્રી કમલેશ ઉપાધ્યાય અમરેલી ખાતે તબીબોની બેઠક યોજી અને સ્વાઈનફલૂની સામે લડવા માટે જરૂરી માર્ગદર્શન આપનાર હોવાનુ જાણવા મળેલ છે.

અમરેલી જિલ્લામાં સાત શરાબીઓ ઝડપાયા

અમરેલી, અમરેલી જિલ્લામાં છેલ્લા ૪૮ કલાક દરમિયાન નશો કરેલી હાલતમાં નીકળેલા બાબુ મગા બારૈયા રે. જાફરાબાદ , રાજુ ધુરા ગોહિલ રે. લાઠી, રવિ ભુપત ચૌહાણ રે. ચલાલા, નરેશ ભુપત ચૌહાણ રે. ચલાલા, સંજય હરી ગોહિલ રે. અમરેલી, રવજી અરજણ પટેલ રે. વડેરા, ભરત ધીરૂ રે. ધારીને પોલીસે ઝડપી લઈ ગુનો નોંધેલ છે.

ડિએફઓને પત્ર પાઠવી વ્યક્ત કરેલો આક્રોશ

ખાંભામાં વનવિભાગે ખોટી રીતે દંડ વસુલતા રજુઆત

ખાંભા,ખાંભાના પીપળવામાં રહેતા આણંદભાઈ વાલજીભાઈ દુધાતે ધારીના ડીએફઓને લેખીત રજુઆત કરી તેમના ભાઈના પુત્ર પાસેથી વનવિભાગના અધિકારીઓએ ખોટી રીતે સિંહ દર્શનના નામે દંડ વસુલ્યો હોય જે બાબતે તાત્કાલીક તપાસ કરી વનવિભાગના બી.બી.વાળા અને હરદિપસિંહ સામે જરૂરી કાર્યવાહી કરવા માંગણીકરીછે.

વેલેન્ટાઈન ડે સ્પે. ડીનર ડીસ્કાઉન્ટ
૧૦% થી ૧૦૦%
૧ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી
Shree Hari
Restaurant
A/C ફેમીલી રેસ્ટોરન્ટ
ગુજરાતી
પંજાબી
ચાઈનીઝ
ફાસ્ટફુડ

AmreliLive.com
વોટસએપગ્રુપમાં જોડાવ અને અમરેલીજીલ્લાનાં સમાચાર અને માહિતી લાઈવ મેળવો હવે મોબાઈલમાં વોટસએપ મેસેજ દ્વારા આપનુ નામ 70465 12212 પર અમોને લખીને મોકલો

બગસરામાં વાઝાં જ્ઞાતિ સમાજનો ૧૮મો સમુહલગ્નોત્સવ યોજાશે

સમુહલગ્નોત્સવમાં ૧૪ નવદંપતિઓ પ્રભુતામાં ડગ માંડશે : જ્ઞાતિના આગેવાનોના

બગસરા,બગસરા વાઝાં જ્ઞાતિ સમાજ તરફથી દર વર્ષ માફક આ વર્ષે પણ સમુહલગ્નોત્સવનું આયોજન થયુ છે તારીખ ૧૫/૨/૨૦૧૫ રવિવારના રોજ અઢારમાં સમુહલગ્નોત્સવમાં ૧૪જેટલા નવદંપતિઓપ્રભુતામાંપગલા પાડશે જેના માટે વાઝાં જ્ઞાતિ સમાજ પાર્ટી પ્લોટમાં વિશાળ સમીયાણુતૈયાર થઈ રહેલ છે.સમાજના પ્રમુખશ્રી રવિનભાઈ ગેડીયાની સીધી દેખરેખ નિચે યોજાતા આ અઢારમાં સમુહ લગ્નનું પ્રમુખ સ્થાન સાવરકુંડલાના જયંતિભાઈ ગોહેલ તેમજ વિશેષ ઉપસ્થીત તરીકે સુરેશભાઈ ચાવડા રાજકોટ જયંતિભાઈ બાબરીયા તથા નવીનભાઈ ભરવાડ મુંબઈ ફેણુભાઈ માંડલીયા તથા ભોગેન્દ્રભાઈ ગઢીયા રાજકોટ ભાનુભાઈ આમરસેડા જયેશભાઈ ડોડીયા અમદાવાદ બંટીભાઈ ચૌહાણ તથા રાજુભાઈ સોલંકી સુરત મનસુખભાઈ ચૌહાણ તથા શાંતિભાઈ સોલંકી જૂનાગઢ તેમજ તાજેતરમાં ગુજરાત રાજય મહિલા સુરક્ષા બોર્ડમાં નિમાયુ ઉપમેલા રેખાબેન માવદીયા તેમજ વડોદરા ઘારી અને અમરેલીના આગેવાનો ઉપસ્થીત રહેનાર છે તેમ મંત્રીશ્રી લલીતભાઈ ચુડાસમાની યાદી જણાવે છે.

બગસરામાં દાઉદી વ્હોરા સમાજનાં ૨૪ કુટુંબોને મકાનની ફાળવણી કરી

પરિવારજનોને મકાન એનાયત કરાતા ખુશીનો માહોલ સર્જાયો

બગસરા,બગસરામાં નદીપરા વિસ્તારમાં બુરહાની સોસાયટી ખાતે અધ્યતન બિલ્ડીંગનું નિર્માણ થયેલ જેમાં બગસરા ડાઉદી વ્હોરા સમાજના બાવનમાં ધર્મગુરૂ મોહમ્મદ બુરહાની તથા એમણના અનુનાયી ત્રેપનમાં ડાઉ સૈયદના આલીકદર મફલલ સૌફુદ્દિન આઈક સહકારથી ૨૪ કુટુંબો કે જેની પાસે રહેવાની સુવીધા નહતી ઉપના દિવસો ચાલી રહયા છે જેમા આ બન્ને બિલ્ડીંગનું ઉધ્ઘાટન (ઈકતેતાહ) તથા ફેટલ ઘારકોને મકાનની સોપણીનો એક કાર્યક્રમ તા.૪ના રોજ જનાબ આમીલ હેબતુલ્લાહભાઈ નીવડપણ હેઠળ તથા વાલી મુલ્લા આમીલ હેબતુલ્લાહભાઈ મોઅલીમ શેખ નાયત હુસેનભાઈના યોજવામા આવેલ.ઉપરાંત વ્હોરા ધર્મગુરૂ મુફલલ મોલાના ફરમાન મુજબ દર મીસરી મહીનાની ૧૬મી તારીખે દરીશની મજલીશ કરાવીને અનુસંધાને આજની આ દરીસની જમવીલત તથા મુજાલેશનું બયાત જનાબ આમીલ તરફથી કરવામાં આવેલ ત્યારબાદ લાખંડવાલાએ બન્ને મોલાની શાનમાં ઝીકર કરેલ હતી.

ખાંભાના ભુંડણીમાં મૃતક બાળકના પરિવારને વનવિભાગ દ્વારા દોઢ લાખનું વળતર ચુકવાયુ

માતા - પિતાની ગોદમાં સુતેલ બાળકને દિપડો કોળીયો કરી ગયેલ

ઘારી (હસમુખ દવે),ખાંભા તાલુકાના ભુંડણીસીમમાંતા. ૪/૨ ના રાત્રીના સીમમાં સુતેલ શ્રમિક પરિવારના બાળકને દિપડો ઉપાડી કોળીયો કરી ગયો હતો.ગામના આગેવાન અમૃભાયુ કોટીલા, નાચકુભાઈ કોટીલા જે અંગે ડીએફઓ અંશુમન શર્મા દ્વારા મૃતક બાળકના પરિવારને વળતર અંગે ઝડપી કાર્યવાહી કરી હતી અને દોઢ લાખ રૂપીયાનો ચેક સબ ડીએફઓ સી.પી. રાણપરીયા, ખાંભાના આર.એફ.ઓ. જે.એમ. માળવી, બીટ ગાર્ડ એમ.એસ. પલાસ, કોટવાળ સહિતે ઉપસ્થિત વનવિભાગ દ્વારા વળતર અંગે ઝડપી કાર્યવાહી કરી હતી.

સાવરકુંડલામાં પોસ્ટમેનને વિદાયમાન અપાયું

સાવરકુંડલા,શ્રી એન.બી.કાલાવડીયા પોસ્ટમેન સાવરકુંડલા પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા હતા તે તારીખ ૩૧/૧/૨૦૧૫ને શનિવારનાં રોજ નિવૃત થતા તેનો વિદાય સમારંભ યોજેલ જેમાં સાવરકુંડલા પોસ્ટ ઓફિસ સ્ટાફ એસ.પી.એમ. તેમજ નિવૃત એસ.પી.એમ.શ્રી ખોરાસીયા તેમજ કલાર્ક ભાઈઓ બહેનોતેમજ સમઝાપોસ્ટમેન ભાઈઓતેમજ એજન્ટ ભાઈઓ ઉપસ્થિત રહયા હતા સાવરકુંડલાના એસ.પી.એમ.ની યાદીમાં જણાવવામાંઆવ્યુ છે.

વલ્લભીપુરના પાટીમાં નોટીસો અપાઈ

જવાબદાર સર્વેયરો દ્વારા કામગીરી હાથ ધરાશે

ભાવનગર,વલ્લભીપુર તાલુકાના નવા રામપર તથા પાટી ગામે તા. ૧૬/૨ તેમજ તા. ૧૭/૨ ના રોજ જવાબદાર સર્વેયર હાજર રહી એલ.એમ.પી. નોટીસો અંતર્ગત કામગીરી હાથ ધરશે.જિલ્લા નીરીક્ષક જમીન દફતર ભાવનગરના જણાવાયા અનુસાર વલ્લભીપુર તાલુકાના નવા રામપર તથા પાટી ગામોની એલ.એમ.પી. નોટીસો જે તે ગામના ખાતેદારોને બજવી તલાટી અને સરપંચના પ્રમાણપત્રોના કચેરીને રજુ થયેલ છે., આ ગામે નિભાવવામાં આવેલ વાંધા રજીસ્ટરમાં નોંધાયેલા વાંધા તથા આ કચેરીને ખાતેદારો તરફથી કરાયેલ સીધી અરજી અનુસાર નોંધાયેલા વાંધાઓનો એજન્સીના સંપર્કમાં રહી અને જે તે ગામે જે તે સર્વેયર જે તે તારીખે મુકામ કરી અને વાંધાઓનો નિકાલ કરશે, આ કામગીરી મહત્વની હોવાથી નવા રામપર ગામે તા. ૧૬/૨/૨૦૧૫ ના રોજ શ્રી એસ.એસ.તડવી તથા પાટી ગામે તા. ૧૭/૨/ ૨૦૧૫ ના રોજ શ્રી એસ.પી.એમ. તેમજ નિવૃત એસ.પી.એમ.શ્રી ખોરાસીયા તેમજ કલાર્ક ભાઈઓ બહેનોતેમજ સમઝાપોસ્ટમેન ભાઈઓતેમજ એજન્ટ ભાઈઓ ઉપસ્થિત રહયા હતા સાવરકુંડલાના એસ.પી.એમ.ની યાદીમાં જણાવવામાંઆવ્યુ છે.

વિસાવદર નગરપાલીકામાં પ્રમુખપદનો ચાર્જ સંભાળતા શ્રી કિરણબેન પુરોહીત

ધારાસભ્ય, કોંગ્રેસના સભ્યો, બ્રહ્મ સમાજના આગેવાનોની ઉપસ્થિતી



વિસાવદર (વિનુભાઈ પુરોહિત),વિસાવદર નગરપાલીકામાં આજ રોજ બપોરના બ્રહ્મસમાજના મહિલાએ પ્રમુખ પદનો ચાર્જ વિધીવત સંભાળીલ છે.વિસાવદર નગરપાલીકામાં પ્રમુખપદની ચૂંટણી યોજતા જેમાં કોંગ્રેસના કિરણબેન વિનુભાઈ પુરોહિત વિજેતા બનેલ આજે બપોરના ૧૨ -૦૦ કલાકે ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયા, કોંગ્રેધના તમામ સભ્યો, બ્રહ્મ સમાજના આગેવાનોની ઉપસ્થિતીમાં ન.પા.ના પ્રમુખ પદનો વિધીવત ચાર્જ કિરણબેન પુરોહિતે સંભાળીલ છે. જેમને બ્રહ્મ સમાજના અગ્રણીઓએ શુભેચ્છા પાઠવી હતી.

અમરેલીમાં બિસ્મલ્લાહ કી બરકત ઉર્ષ મુબારક

હઝરત ગૌષે આઝમ ચીલા મુબારક ખાતે આયોજન : તડામાર તૈયારી

અમરેલી,અમરેલીમાં ઉર્ષ મુબારક યોજાનાર છે. અમરેલી કુંડલા રોડ (લાપડીયા) નજીક હઝરત ગૌષે આઝમ ચિલા મુબારક અમરેલી રોડ ખાતે ઉર્ષ તા. ૮/૨/૧૫ રવિવારે સવારે ૧૦ કલાકે કુરાન ખ્વાની બપોરે ૧૨ થી ૬ સુધી હિન્દુ મુસ્લિમ સાવરકુંડલા ભાઈઓ તરફથી આમ ન્યાઝમાં શરીક થવા દાવત છે તેમ મુંજાવરે જણાવ્યુ છે.

બગસરામાં સ્વાગત કાર્યક્રમ યોજાશે

બગસરા,બગસરા તાલુકામાં તાલુકાકક્ષાના પ્રશ્નોના નિકાલ અને ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ તા.૨૫ના રોજ યોજાશે અજરદારોએ પોતાના પ્રશ્નો તા.૧૦મી સુધીમાં મામલતદાર કચેરીને મોકલી ઓવા મામલતદારશ્રીની યાદીમાં જણાવાયું છે.

વાહ કયા સીન હૈ

જૈનીશ

વડીયાના સંગીતાબેન અને જયેશભાઈના પ્યારા જૈનીશનો છે જન્મ દિવસ કેમી વૃષ્ટિ કેવીન યુગ સાથે મળી જન્મ દિવસ ઉજવશે

અમરેલી ના વસાણી પરિવારમાં શુભલગ્નોત્સવ

ચિ. કિંજલ ચિ. ઉદય

અમરેલીના અસી ગીતાબેન તથા બળવંતરાય બાબુલાલ વસાણીના સુપુત્રી ચિ. કિંજલના શુભલગ્ન અસી દલાબેન અને હિંમતભાઈ ભગવાનભાઈ ગઢીયાના સુપુત્ર ચિ. ઉદય સાથે તા. ૧૦/૨ ના રોજ નિર્ધાયા છે.

રામપરાના દુલાભાઇ પરિવારમાં શુભલગ્નોત્સવ

ચિ.અતુલ ચિ.રાણુબેન

રાજુલાના રામપરા ગામના શ્રી દુલાભાઈ બાઘાભાઈના સુપુત્ર ચિ.અતુલના શુભલગ્ન ગીરવણ નિવાસી શ્રી રાણીગભાઈ વાવડીયાની સુપુત્રી ચિ.રાણુબેન સાથે તા.૧૫ને રવિવારના રોજ નિર્ધાયા છે.

જાહેર નોટીસ

મહે. નામદાર મુખ્ય સિવિલ જજ અને જધુડી મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં વિસાવદર
ફોજદારી પરચુરણ અરજ નં.૧૮-૨૦૧૫
અરજદાર : મગનભાઈ લીંબાભાઈ જાલવાડીયા ઘંધો, ખેતી, ધર્મે હિન્દુ
રહે. મોટી મોણપરી તા.વીસાવદર
વિરૂધ:સામવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી, ત.ક.મંત્રી મોટી મોણપરી, તા.વિસાવદર
બાબત : જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૮૮૬ની કલમ (૧૩) ૩ મુજબ જન્મ નોંધ અન્વા બાબત
આથી જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, અરજદાર મગનભાઈ લીંબાભાઈ જાલવાડીયાના પુત્ર પારસકુમાર મગનભાઈ ઝાલવાડીયાની જન્મ તા.૧૫-૩-૧૯૯૨ના રોજ અરજદારના નિવાસ સ્થાને મોટી મોણપરી ગામે જન્મ થયેલ છે. જે અંગેની નોંધ જન્મ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં કરાવવા અરેની કોર્ટમાં આ કામના અરજદારે ઉપરોકત અરજી દાખલ કરેલ છે. જેથી તે સામે કોર્ટને વાંધો તકરાર હોય તો અરેની કોર્ટમાં મુદત તા. ૨-૩-૧૫ ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે હાજર થઈ વાંધા રજુ કરવા, કસુર થયેથી એકતરફીથી હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો. આજ તા. ૨ મી માહે ૨ સને ૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપું.

તૈયાર કરનાર એન.જી.પુરોહિત આસી. | તપાસનાર પી.પી.પાણેરી સુપ્રિ | હુકમથી પી.એલ.પારેખ રજીસ્ટ્રારશ્રી જયુડી. મેજી.ફ.ક.કોર્ટ - વિસાવદર

મો. ૯૮૨૪૩ ૫૦૬૮૮

ઉકકર ખમણ
મો. ૯૮૨૪૩ ૫૦૬૮૮

અવધ ટાઈમ્સ
ડીંગ ડોંગ ડીસ્પ્લે જાહેરખબર
ચમત્કારીક પરિણામો મેળવવા માટે
આપની જાહેરખબર આપવા અવધ ટાઈમ્સ કાર્યાલયનો સંપર્ક સાધો.

પટેલ ટુર્સ ટ્રાવેલ્સ
ન્યુ બ્રાન્ડ ગાડી ભાડે મેળવવા
સિયાઝ, ડિઝાયર, મોબીલીયો, ઇનોવા, અલ્ટીગા, ટાવેરા
પટેલ પાન, હરી રોડ,
મો. ૯૦૩૩૩૩૩૩૩, મો. ૯૯૭૯૭૯૪૨૬૪

કસમાં બે મકાનો વેચવાના છે
લાઠી રોડ ઉપર 2 BHK વાળા સુંદર એલીવેશનના ૨ મકાનો એકી સાથે જ્ઞાતિબાદ વિના જોટામાં કસના ભાવે ૧ મકાનના રૂા.૧૬.૫૧ લાખમાં વેચવાના છે.
સંપર્ક :- શ્રીરામ એસ્ટેટ કસ્ટ્રકશન અમરેલી
મો. ૮૧૪૦૨ ૮૫૭૦૯

અવધ હોમીયો કેર
ડો. હાર્દિક ડી.કાથરોટીયા
B.H.M.S.(ફ્રન્ચાઈજી હોમીયોપેથ)
મો.૮૦૦૦૧ ૪૦૧૫૦-૯૦૩૩૦ ૮૪૪૬૬
વજન ઘટાડવા માટે અવશ્ય મળો
જુના અને હઠીલા રોગના નિષ્ણાંત
સ્થળ :- હિરામોતી ચોક, લીલીયારોડ, અમરેલી

PSI
નવી બેચ ૯ ફેબ્રુઆરીથી શરૂ
યુનિક કેરીઅર એકેડમી
૩૦૧, ત્રીજો માળ, ટ્રેડ સેન્ટર, મલય ઝેરોક્ષની સામે, સીવીલ રોડ, અમરેલી
મો.૯૭૨૪૨ ૮૬૩૨૮

ASI
નવી બેચ ૯ ફેબ્રુઆરીથી શરૂ
યુનિક કેરીઅર એકેડમી
૩૦૧, ત્રીજો માળ, ટ્રેડ સેન્ટર, મલય ઝેરોક્ષની સામે, સીવીલ રોડ, અમરેલી
મો.૯૭૨૪૨ ૮૬૩૨૮

પોલીસ કોન્સ્ટેબલ
નવી બેચ ૯ ફેબ્રુઆરીથી શરૂ
યુનિક કેરીઅર એકેડમી
૩૦૧, ત્રીજો માળ, ટ્રેડ સેન્ટર, મલય ઝેરોક્ષની સામે, સીવીલ રોડ, અમરેલી
મો.૯૭૨૪૨ ૮૬૩૨૮

અરજન્ટ પાસપોર્ટ ફોટા
મોબાઇલથી ફોટા
ફોટોવાળો મગ, ટીસર્ટ, ફોટો ફ્રેમ, પેન ડ્રાઇવ, ડિઝીટલ કેમેરા
ફોટોપાર્ક
ડિઝીટલ લેબ એન્ડ ફોટો શોપ
૯૮૭૯૧ ૫૬૯૯૩, ૯૮૭૯૦ ૨૬૬૦૫
કોનીકા ટાવર - રાજકમલ ચોક, અમરેલી

તદ્દન નવા સ્ટોકમાં
કંકોત્રી
માટે એકવાર અવશ્ય મુલાકાત લ્યો.
શ્રીનાથજી કાર્ડ એન્ડ પેપર્સ
કપોળ બોર્ડીંગ રોડ, ઈન્કમટેક્ષ ઓફીસ સામે, અમરેલી. ફોન : (૦૨૭૮૨) ૨૨૦૬૦૪

મેટ્રો કન્સલટન્ટ
પાસપોર્ટ/પાનકાર્ડ/વેટ-રીર્ટન
૯૩૭૬૬ ૫૮૬૫૨ (૦૨૭૮૨-૨૩૦૨૩૧)
મધ્યસ્થ બેંકની બાજુમાં રાજુલા

કોર્નરનું મકાન વેચવાનુ છે
અમરેલી-લીલીયા રોડ દ્વારકેશ નગરની સામે શ્યામ નગર મેઇન રોડ ઉપર જેમાં ૨ રૂમ, કિચન, ઓટીએસ કોઠાર રૂમ સહિત હવા ઉજાસ વાળુ મકાન ટાઇટલ કલીયર
સંપર્ક ૯૯૨૫૧ ૭૬૬૦૦

બીન સચિવાલય ની ઓફિસ આસીસ્ટન્ટ ની કોમ્પ્યુટર પરિક્ષાની સંપુર્ણ તૈયારી
એ પણ ગેરંટી સાથે તથા સરકાર માન્ય સર્ટીફીકેટ
વેલા તે પેલાના ધોરણે
ગ્રીલ કોમ્પ્યુટર
મોના આર્કેડ, બીજો માળ, બરોડા બેન્કની બાજુમાં અમરેલી મો. ૯૪૨૬૪ ૪૩૯૨૩

Summer Flyaway Package
Ex. Ahmedabad
લેહ લદાખ | કાશ્મીર | દાર્જીલીંગ | હિમાચલ | ભુતાન | આંદામાન | સ્પે.કેરલા
નૂતન ટ્રાવેલ્સ

CA-CPT/IPCC બેચ
૩૦૩ ફેકલ્ટી દ્વારા જ શિક્ષણ આપવામા આવે છે સેટેલાઇટ કે વિડીયો દ્વારા નહી
રાધેન્દુ કોમર્સ એકેડમી, અમરેલી
મો.૯૪૨૯૬ ૮૫૪૧૨, ૯૯૨૪૪ ૭૪૮૩૫

PSI / કોન્સ્ટેબલ / જેલ સિપાહી
પ્રવેશ ચાલુ છે
ઓજસ કલાસીસ - અમરેલી
મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

જવાહર નવોદય પ્રવેશ પરીક્ષા તાલીમવર્ગ
ધો.૮ અને ૫ માટે
ધો.૮ - ૨૦૧૬ ની નવી બેચ માટે મળો
INTERNATION SCHOOL માં
એડમીશન તદન ફ્રી માં ૮ થી ૧૨ ધો. સુધી (બોર્ડ)
જોષી સર - ૯૪૨૯૪ ૩૩૦૩૧, ૯૦૬૦૬ ૦૬૬૯૮
વિદ્યાવિહાર સંકુલ - ટાવર રોડ, શાકમાર્કેટ સામે, બીલખીયા ગેસ ઉપર અમરેલી

ઘર જેવું સ્વાદિષ્ટ જમવાનું અમરેલીમાં ૬૨૦નંબર પે તમને સ્વાદિષ્ટ સાથે સાત્વિક જમવાનું પીરસશે
શ્રી ગણેશ ડાઇનીંગ હોલ : કેટરર્સ
સરદાર કોમ્પલેક્ષ, નાના બસ સ્ટેન્ડ પાસે, અમરેલી
ફો.ઓ.૨૨૧૬૩૩, મો. ૯૩૬૪૭ ૪૮૧૩૬

જોઇએ છે idea માટે
પાર્ટ ટાઇમ - ફુલ ટાઇમ
ફિમેલ - ટેલીકોલર / મેલ - સેલ્સમેન
(આકર્ષક પગાર+કમીશન+ઇન્સેન્ટીવ)
કોન્ટેક્ટ - ૯૬૨૪૩ ૦૦૬૮૭, ૯૬૨૪૫ ૮૯૦૦૨
શ્રી હરી ટેલીકોમ
૧૦૪ સંસ્કાર કોમ્પલેક્ષ, પેલે માળે કોલેજ સર્કલ આઇ.ટી.આઇ.સામે અમરેલી ૩૫૫૦૧

શ્રી સ્વામિનારાયણ યાત્રા પ્રવાસ
ગોકુલ - મથુરા - હરિદ્વાર - રામદેવરા - પોકરણગટ સાથે
૨X૨ સ્લીપર બસ તેમજ ૨X૩
દિ.૧૫ - રહેવા જમવા સાથે
સંજયભાઇ ૭૩૫૯૨ ૨૪૫૫૭ અમરેલી

કસમાં મકાન વેચવાનુ છે
4 BHK - કાર પાર્કીંગ સુવિધા
ફીક્સ ફર્નીચર સાથે વેચવાનુ છે
સ્થળ
૪, ગુલાબપાર્ક સોસાયટી લાઠી રોડ અમરેલી
: સંપર્ક :
૯૪૨૬૯ ૮૫૬૨૩

નાકાલીક
પ્લોટ વેચવાનો છે
લાઠી રોડ ઉપર
મકાન વેચવાનુ છે
ગુરૂકૃપા નગર - ૨ માં
2 BHK
મો. ૯૭૨૪૨ ૮૬૧૧૮

સાગર ટ્રાવેલ્સ
અમરેલીથી અમદાવાદ
અમરેલીથી સુરત
મોબાઇલ ચાર્જર
૨X૧ ન્યુ બ્રાન્ડ લકઝરી કોચ
વિનય વિવેકી નમ સ્ટાફ
બુકીંગ માટે સુર્યા ટ્રાવેલ્સ ચલાલા
(૦૨૭૯૭) ૨૫૧૦૧૧ - ૨૫૧૦૧૫
મો.૯૯૨૫૬ ૪૮૨૩૫

કોવાયામાં ખાણ પર્યાવરણ અને માઇન્સ સંરક્ષણ સપ્તાહ ઉજવાયું

રાજુલા,

આજે અલ્ટ્રાટેક સિમેન્ટ લિમીટેડ કોવાયા ખાતે શ્રી નિરંજન શર્મા (ખાણ સુરક્ષા નિર્દેશક- અમદાવાદ ક્ષેત્ર)ના માર્ગદર્શન હેઠળ પાંચમાં મેટાલીફેરસ માઈન્સ સુરક્ષા સપ્તાહ અને શ્રી જે.આર.ચૌધરી (રીજનલ કમિશ્નર- ભારતીય ખાણ બ્યુરો)ના માર્ગદર્શન હેઠળ ૨૨માં ખાણ પર્યાવરણ અને ખનિજ સંરક્ષણ સપ્તાહની સંયુકત પણે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કંપનીના યુનિટ હેડ શ્રી બી.બી.જોષી, શ્રીકાંત,શ્રી કિષ્નેચા તથા અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

સૌ પ્રથમ કોવાયા માઈન્સમાં ચાલતી વિવિધ સુરક્ષા, પર્યાવરણ અને સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી, કાર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબીલીટી કૃતીઓ પગલાઓ અને નવીનતમ પ્રવૃતિઓનું નિરીક્ષણ ટીમ દ્વારા ઝીણવટ પુર્વક અવલોકન કરવામાં આવ્યું.

માઈન્સમાં જળવાતા હાઇ સ્ટાન્ડર્ડ લાઈટીંગની નિરીક્ષણ ટીમ દ્વાર સરાહના કરવામાં આવી હતી.આજના કાર્યક્રમની શરૂઆત કંપનીની સ્કુલના બાળકોના સ્વાગતગીત તથા અન્ય સંદુર નુત્યો દ્વારા થઈ. ત્યારબાદ કંપનીના અધિકારીઓ દ્વારા અભિનીત નાટીકા એકસકયુઝીસ રજુ કરવામાં આવ્યું અમરેલી જીલ્લા માનદ વાઈલ્ડ લાઈફ વોર્ડન શ્રી વિપુલ લહેરીએ ગીધ પ્રવૃતિના સફાઈ કામદાર ઉપર સરસ વકતવ્ય આવ્યું નિરીક્ષણ ટીમના વડાશ્રી એસ.કે.જોષી યુનટિ હેડ શ્રી બી.બી.જોષી , શ્રી શ્રીકાંત તથા કંપનીના અન્ય કર્મચારીઓએ ખાણ સુરક્ષા પર્યાવરણ અને ખનિજ સંરક્ષણ વિશે પોતાના મંતવ્યો રજુ કર્યા. કાર્યક્રમના અંતમાં શ્રી વિવેક ઉપધ્યેયીવારે સતત સાથ સહકાર માટે સૌનો આભાર વ્યક્ત કાર્યો. કાર્યક્રમને સફળ બનાવવવામાં કંપનીના અધિકારીઓ જે.વિશ્વકર્મા, મોનલ રાજપરા, અમે.ગોહિલ, શ્રીનુંબાબુ કે. પાટી,અને દિલીત ,રમેશ નકુમ, હિતેષ રાઠોડ, દિલીપ કોષ્ટી, યોગેશ ઠાકર, તથા અન્ય

જાફરાબાદના રોહીસામાં ઈંદોરામા કંપનીએ જમીન પચાવી પાડતા રોષ

વહીવટી તંત્ર દ્વારા આ જમીનને શરત ભંગ કરી રદ કરવા લોકોની માંગણી

રાજુલા,રાજુલા જાફરાબાદ વિસ્તારના દરિયા કિનારમાં લાઈન સ્ટોન ખરપૂર છે. સાથોસાથ અનેક ઉદ્યોગો પણ ધમધમી રહ્યા છે. જાફરાબાદના રોહીસા તારાબંદર વઢેરામાં ઈંડોરમા કંપનીએપંદર વર્ષથી સરકાર પાસેથી ઉદ્યોગ માટે જમીન લીધેલ જેમાં આજદીન સુધી કોઈ કાર્યવાહી નહિ થતા આ બાબતે વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી કરવા લોક માંગણી ઉઠવા પામી છે. સાથો સાથે આ બાબતે ભાજપના અગ્રણી અને ન.પા.ના પુર્વ સદસ્ય અને માનવમંડળના પ્રમુખશ્રી રમેશભાઈ ચુડાસમાએ મુખ્યમંત્રીને લેખીત રજુઆત કરી છે. પંદર વર્ષથી આ જમીન ઉદ્યોગ માટે સરકારે ફાળવી છે છતા અહિ કોઈ ઉદ્યોગ શરૂ નહી થતા આ જમીન ખાલસા કરવા માંગણી કરી છે.

જિલ્લા પ્રભારી મંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલનો ભાવનગર જિલ્લાનો પ્રવાસ કાર્યક્રમ જાહેર

ભાવનગર,શ્રી સુભાષ જોષી, અંગત મદદનીશ, નાણાના કેકય સંદેશાના જણાવાયા અનુસાર જિલ્લા પ્રભારી મંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલનો ભાવનગર જિલ્લાનો પ્રવાસ કાર્યક્રમ ગોઠવાયેલ છે.તદ અનુસાર તેઓની તા. ૭/૨/૨૦૧૫ ના રોજ સવારે ૯-૩૦ કલાકે વલ્લભીપુર તાલુકાના પાટણા ખાતે શ્રી માનસંગભાઈ મોરીને ત્યાં સૌજન્ય મુલાકાત, સવારે ૧૦-૩૦ કલાકે ભાવનગર તાલુકાના કાળાતળાવ ખાતે શ્રી શામજીભાઈને ત્યાં સૌજન્ય મુલાકાત સવારે ૧૧-૩૦ કલાકે મેઘવદર ખાતે શ્રી વશરામભાઈ આહિરને ત્યાં સૌજન્ય મુલાકાત બપોરે ૧ કલાકે શ્રી જશાભાઈ ડંગરને ત્યાં સૌજન્ય મુલાકાત ત્યારબાદ બપોરે ૩ કલાકે ભાવનગરની કલેકટર કચેરીના આયોજન સભાખંડ ખાતે યોજાનાર જિલ્લા આયોજન મંડળની બેઠકમાં ઉપસ્થિતી રહેશે, સાંજે ૭ કલાકે ભાવનગર ખાતે શ્રી મયુરસિંહ ચૌહાણને ત્યાં સૌજન્ય મુલાકાત લઈ અનુકુળતાએ અમદાવાદ જવા રવાના થશે.

ધ્રુવ તારક સમી શ્રી અરિહંત એડ. - લક્ષ્મી એડ. એજન્સીનું
ARIHANT AD. રવિવારે નવપ્રસ્થાન LAXMI
પૂ. ત્યાગવલ્લભ સ્વામીજીના વરદ હસ્તે નવી ઓફીસનું ઉદ્ઘાટન

જાફરાબાદના વેપારી એસોશીએસને સ્વાઇન ફ્લ્યુ પ્રશ્ને ચિંતા વ્યક્ત કરી

વેપારી એસોશીએશનના આગેવાનોએ સરકારી દવાખાનાની મુલાકાત લઈ વિગતો મેળવી

જાફરાબાદ,જાફરાબાદના વેપારી એશોશીયેસને સ્વાઈન ફ્લ્યુ અંગે ચિંતા વ્યક્ત કરી દવાખાનની મુલાકાત લીધીગુજરાત રાજયજ તેમજ બાજુના રાજય રાજસ્થાનમાં શિયાળાની સિઝન અને લગ્નની સિઝનમાં જે સ્વાઈન ફલ્ય નામના વાયરસથી ફેલાતા આ રોગનું પ્રમાણ વધતા લાગેલ છે અને યોગ્ય સમયે સારવાર ના મળેલો લોકોનું મૃત્યું પણ થાય છે આવા સંજોગોમાં વધુ લોકો સારવારમાં અને મૃત્યુનાં આંક પણ આ વાયસરથી થવા લાગેલ છે જેને ધ્યાનમા રાખી જાફરાબાદ શહેરમાં આવેલ સરકારી દવાખાનાની શું તૈયારી અને સુવિધા છે તે હેતુસર પ્રેસ કલબના પ્રમુખ હર્ષદભાઈ મહેતાએ મુલાકાત લીધી જેમાં હાલ ફરજ ઉપર હાજર ડો.વડાલીયા ને મૌખિક રજુઆત કરી અને વાર્તિક કર્યા છે જાફરાબાદ શહેર તેમજ તાલુકાના લોકો માછિમારી ખેત મજૂરી મીઠાના ધંધા સાથે સંકળાયેલા છે જે ટી.વી.ના પણ સંપર્કમાં આવતા નથી તો સરકારશ્રી દ્વારા આ વાયસરને લગત લોકોમાં જાગૃત કેલાવવા માટે જાહેર જગ્યાએ બેનરો કે લોક સંપર્ક દ્વારા લોકોને માહિતી આપવામાં આવે તો આ કેલાતા વાયરસને રોકી શકાય અને જાનહાની બચાવી શકાય તે માટે મદદ કરવાની પણ તૈયારી બતાવી પરંતુ આ લાખો રૂપિયાના ખર્ચ બનાવેલ હોસ્પીટલમાં એકસરે મશિન છે તો ચલાવવાનું કોઈ નથી એક ડોકટર ૨૪ કલાક હાજર રહે છે નર્સા વડીયા બગસરા ઘારી રાજુલા તલુકાના ઝાઝરડા ગામના ઝાઝરડા જુથ સેવા સહકારી મંડળી લી.ના પ્રમુખશ્રી માધાભાઈ રામજીભાઈ જીજાણા નું અવસાન તા.૪/૨/૧૫ના રોજ જાફરડા ગામે થયેલ છે.

સાવરકુંડલા

જેફુરબેન જીજાભાઈ (ઉ.વ.૭૭) તા.૫/૨/૨૦૧૫ને ગુરૂવારના રોજ અવસાન પામેલ છે સદગતનું બેસણું તા.૭/૨/૨૦૧૫ને શનિવારે ૯ થી સાંજના ૫ સુધી ભુવા રોડ જીરાવાળાના કારખાના પાછળ વાડી વિસ્તાર સાવરકુંડલા ખાતે રાખવામાં આવેલ છે.

સાવરકુંડલા

ભૂપતરાય અમૃતલાલ શેઠ (ઉ.વ.૭૮)જે હીનેશકુમાર શેઠ અને ધર્મેન્દ્રકુમાર શેઠના પિતાજી તા.૬/૨/૨૦૧૫ને શુક્રવાર રોજ અવસાન પામેલ છે સદગતની સાદડી તા.૭/૨/૨૦૧૫ ને શનિવારના રોજ બપોરનાં ૩ થી ૬ સર્વોદયનગર નેસડીરોડ પીકઅપ બસ સ્ટેન્ડ પાસે સાવરકુંડલા ખાતે રાખવામાં આવેલ છે.

સાવરકુંડલા

કેરીયાવાડ વિસ્તાર શિવશંકરભાઈ દુર્લભભાઈ જોષી(ઉ.વ.૭૬ તેમવિજીભાઈ ડી.જોષી (ઘારી) ના ભાઈ તેમજ નીલેષભાઈ યસવંતભાઈ ના પિતાશ્રીનું તા. ૫/૨ ના અવસાન પામેલ છે.

અવસાન નોંધ

અમરેલી

રાજગોર (કાઠીગોર) મરણ મુળ મોટી વડાળ હાલ મહુવા નિવાસી લાભશંકર ધનજીભાઈ રાજગોર (શિક્ષક) (ઉ.વ.૮૦) જે તા.૫/૨/૧૫ ના રોજ રામ ચરણ પામેલ છે તેશ્રી કેતનભાઈ મહેતા (કેતનદાદા કોન્ટ્રાકટર) ના પિતાશ્રી થાય છે તથા સ્વ.શાંતિભાઈ ધનજીભાઈ રાજગોરના લઘુબંધુ તથા નારણભાઈ અને મનસુખભાઈ ના મોટાભાઈ હતા તથા જયશ્રીબેન પી.એમ.સી.ઓફિસર તથા પદમાબેન મુકેશભાઈ રવિયા (સા.કુંડલા) તથા સ્મીતાબેન અનીલભાઈ દવે બાબરા તથા ક્ષમાબેન કિશોરભાઈ જાની (અમરેલી) રક્ષાબેન રસીકભાઈ દવે (જામ ખંભાળીયા) ના પિતાશ્રી થાય છે અને સ્વ.મણીકાંતભાઈ કાનજીભાઈ દવે તથા કેશવભાઈ કાનજીભાઈ દવે તથા અશોકભાઈ કાનજીભાઈ દવે તથા વિનોદભાઈ કાનજીભાઈ દવે (રાજુલા)ના બનેવી થાય છે તેમનું બેસણું સાદડી તા.૭/૨/૧૫ને શનીવારના રોજ બપોરે ૩.૩૦ થી ૬.૦૦ સુધી તેમના નિવાસસ્થાને પટ મુનીનગર ડી.વાય.એસ.પી.ઓફિસની બાજુમાં મહુવા મુકામે રાખેલ છે.

રાજુલા

દલિત સમાજ વિરૂધ્ધ ઉચ્ચારણ કરનાર સ્વામી સામે કાર્યવાહીની માંગણી કરી

જનજાગૃત એજયુ. એન્ડ ચે.ટ્રસ્ટ દ્વારા રજુઆત

બાબરા (પ્રતાપભાઈ ખાચર), સ્વામીનારાયણ સંપ્રદાયના સ્વામીજ્ઞાન જીવન દ્વારા દલિત સમાજ વિરૂધ્ધ ઉચ્ચરણો કરવા બદલ જનજાગૃતિ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જામબરવાળાના પ્રમુખ સુરેશભાઈ પરમાર દ્વારા કલેકટર તેમજ ડી.એસ.પી. , ડીવાયએસપીને રજુઆત કરેલ છે.એક શિબીરમાં સ્વામીજ્ઞાન જીવન દ્વારા સમાજ વિરૂધ્ધ પ્રવચન આપતા સમાજ પર તેની વિપરીત અસર પડી શકે છે. અજુનના બંધાનો બતાવી સમગ્ર સમાજને ગેરમાર્ગે દોરી રહયા છે જેથી દલિત સમાજની લાગણી દુભાયેલ છે તો તેમની સામે ધોરણસર કાર્યવાહી કરવા માંગ કરી છે.

છેલ્લા પાનાનું

પ્રૌઢનું મોત

નિપજયુ હતુંકાયરીગ કેવા સંજોગોમાં થયુ છે અને કોણે કર્યુ છે તેની વિગતો ખુલી નથી પણ અમરેલીના ડીવાયએસપીશ્રી પીનાકીન પરમાર તથા તાલુકા પોલીસના પીએસઆઈ શ્રી વાઘેલા અને ડીરેકટીવ બ્રાન્ચના શ્રી શાર્દુળ ભુવા તથા સ્ટાફ બનાવના સ્થળે દોડી ગયા છે. અને આ ઘટનાની જાણ થતા અમરેલીના કાઠી સમાજના આગેવાનો શ્રી હિતેશભાઈ માંજરીયા, શ્રી સુરેશભાઈ શેખવા, શ્રી મયુરભાઈ માંજરીયા, શ્રી ટીકુભાઈ વરૂ, શ્રી જીલુભાઈ વાળા સહિતના આગેવાનો સિવિલ હોસ્પીટલે દોડી ગયા હતા.પ્રાથમિક તબર્ક્કે એવુ અનુમાન થઈ રહ્યુ છે કે લગ્નના વરઘોડામાં હવામાં ફરાઈ રહેલ ફાયરીંગની ગોળી અકસ્માતે વાગી જતા આ ઘટના બની છે વળી આ લગ્ન પ્રસંગનું બપોરનું જમણવાર મરનાર ઓઢમાઈના ઘરે હોવાનું પણ જણાવાયું છે. ઓઢમાઈ અને જયા પ્રસંગ હતો તે વિનુભાઈ ઘીનેચા વચ્ચે સગાભાઈ જેવો સબંધ હતો.

નિર્ણય

અને ખાંભા તાલુકાના છેવાડાના ગામડાઓ સુધી લોકોને મળી રહે તેવા ઉદેશથી ધારાસભ્યશ્રી નલીનભાઈ કોટડીયાએ મુખ્યમંત્રીશ્રી અને આરોગ્યમંત્રીશ્રીને રૂબરૂ મળી કરેલ રજુઆતને સફળતા મળી છે. અને ધારાસભ્યની માંગણી મુજબ ત્રણેય તાલુકાના ગામડામાં મોબાઈલ હેલ્થ યુનિટ કે જેમાં ડોકટર, કર્મચારીસ્ટ, સ્ટાફ જે ને ગામે જઈ તપાસી જરૂરી દવા પણ વિનામુલ્યે આપે અને દર્દીને સામાન્ય બિમારી માટે તાલુકા મથકે જવુ ન પડે તેવો સરકારનો ધ્યેય સિધ્ધ કરવા સ્વતંત્ર વાહન આપવામાં આવે છે. આ મુજબ હાલ તુરંત ધારી અને ખાંભાને આયોજન મુજબ ડોકટરની સંપૂર્ણ ટીમ સાથે મળે તેમ છે. બગસરાને હવે પછી આ લાભ મળશે, મોબાઈલ યુનિટ ફાળવણી થાય ત્યાં સુધી કામચલાઉ ધોરણે અન્યત્રેથી અઠવાડીયામાં બે દિવસ આ મોબાઈલ યુનિ ખાંભા, ધારી તાલુકાના ગામડામાં ફરશે તેવી જાણકારી નાયબ નિયામકશ્રી, આરોગ્ય વિભાગનો આભાર વ્યક્ત કરતા લોકોને અપીલ કરી છે કે, આ યોજનાનો ખરેખર જરૂરીયાતમંદ લોકો જ ઉપયોગ કરે જેથી સરકારશ્રીની યોજના અને નાણાનો સાચા અર્થમાં સાકાર થાય અને નાણાનો સદઉપયોગ થઈ શકે.કોટડીયા પરિવાર ટ્રસ્ટ દારા ખાંભા તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષથી આ મોબાઈલ યુનિટ હરતુ ફરતુ દવાખાનું શરૂ કરેલ છે. જેની લોકોને ખુબ જ સારી સેવા મળી રહે છે, ખાંભા તાલુકાના પોતાના મતવિસ્તાર ઉપરાંતના ગામોમાં પણ આ સેવા માત્ર રૂા. ૫/- ટોકન ફી લઈ ગામે ગામમે ફરી દર્દીને તપાસી સ્ટાન્ડર્ડ કંપનીની દવા, બાટલા ઈંજેકશન આપવા કામગીરી શરૂ છે ત્યારે એકજ યુનિટથી પહોંચી શકાતુ ન હોય લોકોની રીમાન્ડ વધુ રહેતી હોવાથી સરકારમાં રજુઆત કરતા સરકારે નલીનભાઈની માંગણી સ્વીકારી છે. આથી આ વિસ્તારમાં ગામડે બેઠા લોકોને વિના મુલ્યે સારવાર - દવા મળી રહેશે. તે બાબતે કામ કરતી સરકારી કામગીરીથી સંતોષ વ્યકત કર્યો છે. આમ ધારાસભ્યશ્રી નલીનભાઈ કોટડીયાના કાર્યાલયની એક અખબારી યાદીમાં જણાવેલ છે.

તીર્થધામ

પંડિત રત્ન શાસ્ત્ર દિવાકર પૂ.ગુરૂદેવ શ્રી મનોહર મુની મસા તથા સાધક બેલડી નંદા - સુનંદાબાઈ, ઠાણા જ વર્ષમાન સ્થાનક વાસી જૈનસંઘ દહાણુકર વાડી મુંબઈ કાંદીવલી વેસ્ટમાં વશરવી અને યાદગાર વિક્રમ સંવત ૨૦૭૦નું ચાતુંમાસ પુર્વ કરી વાપી, સુરત, વડોદરા,ભોરસઇ, લીંબડી, ચોટીલા, વિગેરેક્ષેત્રમાં ધર્મ પ્રભાવના અને ધર્મની જયોતને પ્રજવલિત કરતા સૌરાષ્ટ્રની ધન્યધરા ઉપર પદાર્પણ કરી રાજકોટની ભાગોળે આવેલ તપસમ્રાટ તીર્થધામ સમાધી સ્થાને પધારતા ચતુર્વિધ સંઘે ભવ્ય સ્વાગત કર્યુ હતુ.અને તપ સમ્રાટ પૂ.ગુરૂદેવ શ્રી રતિલાલજી મસાની ૧૭મી વાર્ષિક પૂણ્યતિથી પ્રાવન પ્રસંગે રવિવારે સવારે ૧૦થી બપોરે ૧ સુધી ગુણાનુવાદ સભ્ય અને શાસ્ત્ર દિવાકર પૂ. ગુરૂદેવનો સન્માન સમારોહમાં સૌરાષ્ટ્રભરના સ્થાનક વાસી જૈન સંઘોના પદાધિકારીઓ પધારશે તેમ ગુરૂ ભકત અભય સોમાણીની યાદીમાં જણાવ્યુ છે.

ચાવંડ આઉટપોસ્ટના હે.કોન્સ.ની પ્રશંસનીય કામગીરી

લાઠી,

લાઠી તાલુકાના ચાવંડ આઉટપોસ્ટના હે.કોન્સ. ડી.કે.બારોટ અને ડી.કે.બોરાણાએ પેટ્રોલીંગ દરમિયાન રાત્રીના ૯ વાગ્યેશૈલેષ નુરજી બામણીયા ઉ.વ.૧૨ નામનો બાળક મળી આવતા

પુછપરછ કરતા તે વાલીએના ઠપકાથી ઘરેથી ભાગી ગયેલ હોવાનું જણાવતા તેમને સલામત રીતેબાળકના કાકા પ્રકાશભાઈ જીણીયાભાઈ રે. માલપુર તા. ખાંભરને સુપ્રત કરીપ્રશંસનીય કામગીરી બજાવી હતી.

પહેલા પાનાનું

શાક માર્કેટની જગ્યા

છે.જાણવા મળતી માહીતી અનુસાર વલીભાઈ મેનરે એવો દાવો કર્યો છે કે અમરેલીમાં જયારે ૧૯૧૫ની આસપાસ બહારવટીયાનો ત્રાસ હતો ત્યારે જુના અમરેલીના અનિખભુણો હાલમાં જયાં શાકમાર્કેટ છે ત્યાં ૯૦ વર્ષના પહે પોલીસ લાઈન સ્થાપવા માટે ઘાંચી ગોરા ડોસા મેનરે જમીન આપી હતી આજ પ્રકારે ૧૯૨૧ની સાલમાં ૧૯૧૬ના ઠરાવ અન્વયે કન્યાશાળાના હેતુ માટે કેળવણીકારના ઉમદાહેતુથી વગર ભાડે ૯૦ વર્ષના પહે કન્યાશાળાની જમીન આપી હતી અને તેજ પ્રકારે આયુર્વેદ દવાખાનું (સરકારી દવાખાનુ)ની જમીન પણ આપી હતી.આઝાદીના ટાણે સીને સીની જમીન પરત આપવાની ચાયકવાડ સરકાર દ્વારા તૈયારી કરાઈ હતી પરંતુ સવંત ૨૦૪૪ એટલે કે ૨૯-૧૧-૧૯૪૮માં વલ્લભભાઈ પટેલે ગાયકવાડ સ્ટેટના ઉમદા શાસનથી પ્રભાવીત થઈને કદાચ એવુ સુચન કરેલ કે જમીનો જે હેતુ માટે જેટલા સમય માટે અપાઈ છે તે રાખો વિસ્તારમાં સરકાર તેની મુદ્દતે જમીન પરત આપી દેશે આવી એક કાયમી સોગંદનામુ શ્રીમંત સરકાર ગાયકવાડ (ભારત સરકાર) સરદાર વલ્લભભાઈ પટેલ, મુખ્ય સચિવ એચ.એમ. પટેલ તથા ડી. જીવરાજભાઈ મહેતા અને જમીનના માલિક ઘાંચી ગોરા ડોસાની રૂબરૂમાં બરોડાના રાજ મહેલના દફતરમાં લખાયુ હતુ. જેટલા આ સોગંદનામાને કાયમી ગણી ૯૦ વર્ષ બાદ એટલે કે ૧૯૨૧થી ૨૦૧૧ સુધી જમીન જે તે હેતુ માટે રાખી ત્યારબાદ જમીનના માલિકના વારસદારને સોંપવી અને (જમીન જે તે હાલતમાં જ સોંપવી) જે જમીન ન આપી શકાય હોય તો બજાર કિંમત પ્રમાણે સરકાર રકમ ચુકવવી તેવુ સોગંદનામુ થયુ હતુ. આ સોગંદનામામાં ભારત સરકાર વતી સચિવ એચ.એમ.પટેલ તથા અમરેલી પ્રાંતના વહીવટીદાર વતી ગો.લ.શાહ (નોંધણી કામદાર) અને તેમણે જ દિવાન ડી.જીવરાજભાઈ એન.મહેતા વતી સહીઓ કરી આપી હતી.વલીભાઈએ જણાવેલ કે ૨૦૧૧ની સાલમાં ૯૦ વર્ષની લીઝ પુરી થઈ છે.અમને જમીન પાછી જોઈએ અથવા સામી જમીન કે તેની બજાર કિંમતે વળતર મળવુ જોઈએ વળી તેમા જગ્યાએ હેતુફેર પણ થયો છે પોલીસ લાઈન માટેની જમીન નગરપાલિકાએ શાકમાર્કેટ બનાવી દુકાનો ભાડે આપી હેતુફેર કર્યો છે. સાથે સાથે કન્યાશાળા ફર પણ શોપીંગ સેન્ટર બાંધી હેતુફેર કરાયો છે આ મુદે અમે કાનુની રીતે લડતના મંડાણ કરવા જઈ રહયા છીએ.

ઠગાઇ

રીમાન્ડ ઉપર લેતા તેમણે ઠગાઈની રકમ મોજ શોખમાં ઉડાડી નાખી હોવાનું કબુલ્યુ હતું.આ અંગેની વિગતો એવા પ્રકારની છે કે અમરેલીના નિવૃત બેંક મેનેજર શ્રી વિનોદકુમાર કુમ્મરને અમદાવાદમાં પ્લોટમાં રોકાણ કરવાનું કહી વિશ્વાસમાં લઈ રૂા. ૩૩ લાખની રકમ રાજકુમાર અમતુલાલ સઘવારા એમ.પી. ગયો હતો અને ભાગી તે ફરાર હતો દરમિયાન તેને નરોડા પોલીસે પકડતા સાબરમતી જેલ હવાલે કરાયો હતો. જયાંથી અમરેલી શહેરના ઈન્ચાર્જ પી.આઈ.શ્રી ડી.કે.રાવના માર્ગદર્શન હેઠળ રાઈટરશ્રી નાજભાઈ આહિર તથા શ્રી ભરતભાઈ કુબાવતે સાબરમતી જેવમાંથી રાજકુમાર નો કબ્જો મેળવીને તેને એક દિવસના રીમાન્ડ ઉપર લીધો હતો. અને રીમાન્ડ દરમિયાન તેમણે ઠગાઈની રકમ રૂપિયા ૩૩ લાખ મોજશોખમાં વાપરી નાખી હોવાનુ કબુલ્યુ હતું. સાથે સાથે એવી પણ વિગતો ખુલી હતી કે રાજકુમાર અગાઉ લુંટ તથા ઠગાઈના બીજા ગુનામાં પણ સંડોવાઈ ચુકયો છે. તેની રીમાન્ડ પુરી થતા ફરી સાબરમતી જેલમાં મોકલી આપ્યો હતો.

રોડના કામમાં

મારવામાં આવેલ થીગડા ઠંગધડા વિનાનો છે આ રસ્તો વધુ ખાડા ખબળાવાળો છે.તંત્ર દ્વારા યેનકેન પ્રકારે પગલા ન લેવાતા હોવાથી ચર્ચા છે સાથે નબળા કામને કારણે મુશ્કેલી છે. આ કામથી તપાસ માટે જિલ્લા યુવા શકિત સંગેઠન દ્વારા કરાયેલા કોન્ટ્રાકટરને ગાંધીનગર ફરીયાદ કરી છે. જો તપાસ થાય તો સત્ય બહાર આવે તે માટે આ રસ્તાનું કામ નહી થાય તો આંદોલનનો માર્ગ અપવાશે તેમ જિલ્લા યુવા શકિત સંગેઠન વતી લાલભાઈ બોદરે જણાવ્યુ છે.

મતા ચોરી

હજારની મતા ચોરાયાની ફરિયાદ કરમશીભાઈ માવાણીએ પોલીસમાં નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી વહુ તપાસ હાથ ધરી છે આ બનાવને પગલે ગામના સરપંચે જણાવ્યુ હતુ ગામમાં વાઘજીભાઈ ડાયાભાઈ માણીયા, ભુપતભાઈ લવજીભાઈ અને વલ્લભભાઈ અરજણભાઈને ત્યાં પણ અગાઉ ચોરી થઈ હતી જેની ફરિયાદ થઈ નથી આ ચોરીનો ચોથો બનાવ છે.તેમ સરપંચે જણાવ્યુ હતુ.

સાદી કેદ

તત્કાલીન હુડ ઈન્સ શ્રી બી.એસ.ચૌધરીએ લુઝ સેવનો નમુનો લઈ લેબોરેટરીમાં તપાસણી પુથકકરણ કરવતા નમુનામાં ભેળસેળ જણાતા હુડ ઈન્સ શ્રી ચૌધરીએ રાજેશરાવલ સામે ધી પ્રિવેન્સન ઓફ ફુડ એડલ્ટેશન એકટ અન્વયે ફરીયાદ નોંધાવેલ જે કેસ અહીની પાંચમાં એસ.ડી.અને ચીફ કોર્ટમાં ચાલી જતા એડી.ચીફ જયુ શ્રી ઉમંગ એમ.વ્યાસે આરોપી વેપારી રાજેશ નટવરલાલને એક વર્ષની સાદી કેદ અને રૂા.૬૦૦૦નો દંડની સજા ફટકારી હતી.

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૭-૨-૨૦૧૫ શનિવાર

કેજલીવાલ અને કિરણ બેદી બન્ને લુચ્ચા અને સતાભુખ્યા

દિલ્હીની ચુંટણી અત્યારે દેશમાં ચર્ચાનો વિષય છે કિરણ બેદીએ બહુ જ વિનમ્રતા સાથે ભાજપમાં ઝંપલાવ્યું હોવા છતાં હજુ સુધી મિસ્ટર મોદી દિલ્હીના મતદારો ઉપર પોતાનું પૂર્ણ પ્રભુત્વ સ્થાપી શકયા નથી દિલ્હી પચરંગી વસ્તીનો પ્રદેશ છે નગર આયોજન અને વ્યવસ્થામાં દેશના અન્ય મેટ્રો સીટીથી હજુ પાછળ છે વિસ્તાર પણ વિરાટ છે અને શહેરમાં આર્થિક વિભિન્નતાઓ બહુ જ છે એક તરફ કરોડોની ફાઈલો ફરે છે તો બીજી તરફ લાખો લોકો રોજનું લાવીને રોજ ખાય છે

આ દિલ્હીમાં આમ આદમી પાર્ટીનો સૂર્ય એક વાર ઉગ્યો પછી તુરત જ આથમી ગયો ને હવે ફરીવાર ઉગી રહયો છે મિસ્ટર અરવિંદ કેજરીવાલ એક બહુરંગી નેતા છે એને રજત શર્મા સહિતના કોઈ પ્રશ્નકારો હજુ ઓળખી શકયા નથી સ્ વયં ગુલાટ મારવાનું જાણે છે અને બીજાઓને ગોથા ખવરાવવા માટે જાણીતા છે જન્મે શરદીનો કોઠો છે તે ગળે મફલર વીટીં રાખે છે પણ સ્વભાવમ ાં પૂરેપૂરા મરચા અને એય લાલ યાર્ડમાંથી ઠાલવેલા છે કેજરીવાલ સામાન્ય નેતા નથી એક અઘરી આઈટમ છે ઉતમ જાસુસ કે ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિસ્ટની જેમ ચારે બાજુ છાનબીન કરીને સરકારી દફતરોમાં રહેલી અતિ ગોપનીય ફાઈલોની ઝેરોકસ કરી આવવામાં બહોશ છે ભારતની કોઈ પણ વિરાટ કોર્પોરેટ કંપની હોય તેની બધી જ પોલમપોલ આ કેજરીવાલ જાણે છે તે પોતે વિકિપીડીયા પણ છે અને વિકિલિકિસ પણ છે.

મિસ્ટર મોદી પ્રત્યે આ કેજરીવાલને સખત કિન્નાખોરી છે કારણ કે મિસ્ટરમોદીની વિવિધ ચાલબાજીને કારણે એમની રાજકીય કારકિર્દીનું પ્રારંભિક અવસ્થામાં ધોવાણ થયું છે. અન્ના હઝારે જેવા પવિત્ર માણસને હાથો બનાવી એની આડશે દિલ્હીને જે બે નવા રાજકીય મહત્વાકાંક્ષી નેતાઓ મળ્યા તેમાંય એક કેજરીવાલ અને બીજા કિરણ બેદી છે બન્નેમાં ઉચ્ચ બુદ્ધિજીવી હોવાનો દેખાવ છે છતાં બન્નેને સરખી રીતે જ સતા અને રૂપિયા વહાલા છે

ચુંટણી સાતમી ફેબ્રુઆરીએ થવાની છે મિસ્ટર મોદીના બંને હાથમાં લાડવા છે જો કેજરીવાલ જીતી જાય તો આમ આદમી પાર્ટીને ઉંચી ન આવવા દેવા માટે કેન્દ્ર સરકાર પોતાની બધી તાકાત કામે લગાડશે અને જો દિલ્હીમાં આમ પાર્ટી હારી જાય ને ભાજપ સતા પર આવે તો મિસ્ટર મોદીના યશમાં વધારો થશે.

દિલ્હીના મતદારોમાં ગુજરાતીઓ જવી બુદ્ધિ નથી મિસ્ટર મોદીના ભવ્ય શાસનકાળ વચ્ચે દિલ્હી વિધાનસભામાં આમ આદમી પાર્ટીની સરકાર આવશે તો વધુમાં વધુ તો કેજરીવાલ એની ટેવ પ્રમાણે સમાચારોમાં ચમકયા કરશે પણ કેન્દ્રની સરકાર એને કામ કરવા નહિ દે જો અત્યારે દિલ્હીની પ્રજા ભાજપને ચિક્કાર મત આપે તો આવતા ચાર વરસમાં દિલ્હીના છાપરા સોનાના થઈ જાય પણ એમ થવાના ચાન્સ બહુ જ ઓછા છે ચુંટણી પૂર્વના જે સર્વેક્ષણો અત્યારે પ્રગટ થવા લાગ્યા છે તેમાં તો આમ આદમી પાર્ટીને સ્પષ્ટ બહુમતી મળવાનો અણસાર છે જો કે મિસ્ટર મોદી છેલ્લી ઘડીની બાજી પલટાવવા માટે જાણીતા છે પરંતુ દિલ્હીની પ્રજા પાછલી ચુંટણીની જેમ હજુ પણ દ્વિધામાંથી બહાર આવી હોય એવું લાગતું નથી

ભાજપ અને આપ વચ્ચેની આ લડાઈમાં કોંગ્રેસનો ખાત્મો નિશ્ચત છે રાહુલ ગાંધીએ દિલ્હીમાં કોંગ્રેસ જીતી શકે એ વિસ્તારોમાં રેલી કાઢી અને ભાષણો પણ કર્યા પણ એમાં રાહુલ ગાંધીની નૈવી નિરાશ આવૃતિ જ જોવા મળી એક ટ્રેન ચુકી ગયેલા મુસાફરનો રેલવે સ્ટેશને જે ચહેરો જોવા મળે એ જ રેખાઓ અત્યારે એમના ચહેરા પર છે એક અવ્યક્ત અફસોસની ગાથા તેમના હોઠમાં છુપાયેલ છે

કારણ કે કોંગ્રેસનો પરાજય થયો છે એનો આ આઘાત નથી પરંતુ સફળ થયા પછી ભાજપ જે રીતે વધુને વધુ સફળ શાસક પુરવાર થઈ રહયો તે સતા પરની એની ચિરંજીવીતાના પ્રમાણ આપે છે એટલે એ જ રાહુલ માટે સૌથી મોટો આઘાત છે અત્યારે તો કોંગ્રેસ માટે કોઈ નવી શરૂઆત થવાના ચાન્સ નથી પણ હજુ થોડાક દુરના ભવિષ્ય સુધી કયાંય કોંગ્રેસના પુનરોદયના ચિહનો દેખાતા નથી દિલ્હીમાં કોંગ્રેસ તો જાણે ચુંટણી જ ન લડતી હોય એવું ચિત્ર મિડિયામાં ઉભુ થયેલું છે જે નિર્ણય થવાનો છે તે દિલ્હીની પ્રજાની સુખાકારી માટે મહત્વનો બની રહેશે અસ્તુ.

અમરેલી ક્ષત્રિય ઠાકોર સમાજના સમુહલગ્ન ચિંતન શિબિર અને બાઇક રેલીનું આયોજન

ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ સહિતના આગેવાનો સેનાના કાર્યકરો ઉપસ્થિત રહેશે:સી.બી.ગોહિલ

અમરેલી,અમરેલી જિલ્લા ક્ષત્રિય ઠાકોર સમાજના સમુહલગ્ન સાથે તા. ૮/૨ ના રવિવારના સવારે ૮-૩૦ કલાકે બાઈક રેલી સહિત ચિંતન શિબિરનું આયોજન કરેલ છે . જેમાં સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાત, પાંચાળ, ઝાલાવાડ, બનાસ ભાલ, સૌરઠ, સહિતના આગવોનો સહિત સેનાના કાર્યકરો પધારશે. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ક્ષત્રિય સેના પ્રદેશ પ્રમુખ અલ્પેશજી ઠાકોર ઉપસ્થિત રહેશે. સમગ્રકાર્યક્રમનેસફળ બનાવવા માટે અમરેલી જિલ્લા તાલુકા શહેર, ગ્રામ્ય લેવલના હોદ્દેદારો તેમજ સદસ્યો સર્વશ્રી મથુતજી ઠાકોર, અધિશ્રીબેન ઠાકોર, મહેશજી ઠાકોર, દિનેશજી ઠાકોર, ધીરજી ઠાકોર, ચુનીભાઈ ઠાકોર, મુકેશજી ઠાકોર, સંજયજી ઠાકોર, પ્રવિણજી ઠાકોર, પરેશજી ઠાકોર, દેવાજી ઠાકોર, રાજુજી ઠાકોર, જયસુખજી ઠાકોર, વિપુલજી ઠાકોર, ખોડલજી ઠાકોર, વિક્રમજી ઠાકોર, દિપકજી ઠાકોર, સુરેશજી ઠાકોર, બાબુજી ઠાકોર, હરસુખજી ઠાકોર, લાલજી ઠાકોર, વિનોદજી ઠાકોર, મનસુખજી ઠાકોર, વિજયજી ઠાકોર, લાલજી ઠાકોર, રમેશજી ઠાકોર, દામજી ઠાકોર સહિતના સર્વે જહેમત ઉઠાવી રહ્યા છે. ચિંતન શિબિરનું આયોજન અમરેલી ખાતે બાબરામ દેવપીર મંદિરના પરિસર સાવરકુંડલા બાયપાસ રોડ ખાતે રાખેલ છે. સમાજનાં સર્વાંગી વિકાસ માટે સંવાદ, સેવા સર્મપણની ની ભાવભર્યા ભોજન સમારંભ સાથે કાર્યક્રમનું આયોજન થયેલ છે. એમ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના સૌરાષ્ટ્ર પ્રાંત પ્રેસ મીડીયા કન્વીનર અમરેલીના સીબીગોહિલની અખબારી યાદીમાં જણાવેલ છે.

સાવરકુંડલાની સરસ્વતી વિધામંદિર દ્વારા શિયાળુ રમતોત્સવનું આયોજન

ધો.૧થી૧૦ના વિધાર્થીઓએ રમતોમાં ભાગ લીધો:પ્રોત્સાહન અપાયું



સાવરકુંડલા,

સાવરકુંડલા ગીરધરલાલ સરસ્વતી વિધામંદિર સંકુલમાં ધો.૧થી૧૦ના વિધાર્થીઓએ રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ હતુ. તેમાં વિવિધ રમતો વિધાર્થીઓ દ્વારા રમવામાં આવેલ હતી. ફુગ્ગાફોડ, ચાંદલા લગાડવા, દડી ડોલ, મેમરી સ્પર્ધા, લોટુફુકણી, લીંબુ ચમચી, કોથળાદોડ, બેલેન્સ, દોરડાકુદ, લાંબી કુદ, ૫૦મી.દોડ, ૧૧મી.દોડ, સંગીત ખુરશી, ૧મીનીટ ગેમ આમ વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવેલ હતી. આ રમતોમાં વિધાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધેલ હતો. આ રમતોત્સવ દરમ્યાન સાવરકુંડલાનાં નગરપાલિકા પ્રમુખ ડી.કે.પટેલ ખાસ ઉપસ્થિત રહી વિધાર્થીઓને પ્રોત્સાહન આપેલું હતુ. તેમજ શાળાના પ્રિન્સીપાલ હરેશભાઈ બોરીસાગર, પી.ટી.શિક્ષક ઝંકારભાઈ , નૈમિષભાઈ, રવિભાઈ તેમજ શિક્ષકો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવેલ હતો.

અમરેલીમાં મંદબુધ્ધી બાળકોની સ્કુલ વાત્સલ્ય દ્વારા પવૃતિ બિરદાવવા લાયક

સને ૨૦૧૪ની સુંદર કામગીરી: લોકોએ બિરદાવી

અમરેલી,

અમરેલી સેવા ટ્રસ્ટ સંચાલિત મંદબુધ્ધિ ધરાવતા બાળકોની સ્કુલ વાત્સલ્ય શહેરના ગૌરવસમાન આ બાળકોની એકમાત્ર સંસ્થા છે. જે નોન ગ્રાન્ટેબલ છે. ફકત સમાજ શ્રેષ્ઠીઓની ફંડથી ચાલે છે. રજાના દિવસો સિવાઈ રૂક્ષ્મણીબેન બાલમંદિર ખાતે બપોરના ૧થી૫ ડે સ્કુલ તરીકે ચાલે છે. વર્ષની શરૂઆતમાં વાલીઓની મિટીંગ યોજાયેલ . વાલીઓ દ્વારા સકલુની કાર્યપધ્ધતી સંતોષ વ્યકત કરાયેલ. સુચનો થયેલ ટ્રસ્ટીઓ મિટીંગ યોજાયેલ જેમાં આ બાળકોના વિકાસ અંગે તેમજ સમાજ સાથે આ બાળકો તાલમેલ સાધી શકે તે માટે આયોજીત કરાશે- વિસ્તૃત ચર્ચાઓ થયેલ. રક્ષાબંધનની ઉજવણી દ્વારા ભાઈ-બહેન સંબંધની ઉજવણી બાળકો દ્વારા થયેલ. સુંદર પ્રયાસ થાય છે મહિલા સશકતીકરણ પખવાડીયા અંતર્ગત એક સુંદર કાર્યક્રમનું આયોજન કલેકટરશ્રી, એસ.પી.શ્રી, સમાજ સુરક્ષા અધિકારીશ્રી, બાલસુરક્ષા અધિકારીશ્રીના માગદર્શન નીચે યોજાયેલ જેમાં બાળકોને-વાલીને માગદર્શન-કિટ સાધનો - નાસ્તો અપાયેલ. તેમજ સંસ્થા વિકાસ અંગે સંપુર્ણ માર્ગદર્શન અપાયેલ સંસ્થામાં વોકેશન ટ્રેનીગ, બાળકો દ્વારા થઈ શકે તેવા પ્રાણાયમ કસરત, ચિત્રકામ, સંગીત તેમજ સ્વરોજગાર ક્ષેત્રે થઈ શકે તેવા પદ્ધતીની માહિતી અપાઈ છે. નેશનલ , સમાજસુરક્ષા અધિકારીની પ્રકૃતીના લાભા લાભ વાલીઓને જણાવાય છે. રમતગમત બાળકો જોડાય છે, ઈનામો મેળવે છે. લાયન્સ કલબ તેમજ શહેર અન્ય સંસ્થા સમાજ શ્રેષ્ઠીઓ મુલાકાત લઈ બાળકોને પ્રેમ આપે છે.

આ સેવા યજ્ઞમાં માન.ટ્રસ્ટી રાજુભાઈ પરીખ, ડો.રેખાબેન મહેતા, ડો.વસંતભાઈ પરીખ, ડો.મધુબેન ભટ્ટ, ડો.ડબાવાલા, ડો.કાલિન્દીબેન, શ્રીકિશોરભાઈ મહેતા, શ્રીદિલીપભાઈ પરિખ, શ્રી.જે.વી.સંઘરાજકા તેમજ અન્ય સુંદર કામગીરી કરે છે. સમાજને આ સ્કુલ નિહાળવા બાળકોને દયા નહિ પ્રેમ- હુંફ આપવા પધારવા નગરજનોને વિનંતી છે તેમ સંસ્થાના પ્રિ.વસુબેન ઉપાધ્યાયની યાદીમાં જણાવાયું છે.

બાબરા તાલુકા ક્ષત્રિય ઠાકોર સેનાની મીટીંગ યોજાઇ

અમરેલીમાં યોજાનાર ચિંતન શિબિર, બાઇક રેલીમાં જોડાવા આહવાન

ચમારડી, (પરેશ રાઠોડ)

આજરોજ બાબરા તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજની મિટીંગ મળી હતી, જેમાં આગામી તા.૮ રવિવારના અમરેલી સાવરકુંડલા રોડ ચોકથી પુલ પાસે બાબા રામદેવપીરના મંદિરના પટાંગણમાં ક્ષત્રિય ઠાકોર સમાજની ભવ્ય ચિંતન શિબિરનું આયોજન કરેલ છે તેમજ બાઈક રેલી યોજાનાર છે જેમાં સમાજને બહોળી સંખ્યામાં જોડાવા માટે આહવાન કરેલ છે આ મીટીંગમાં જીલ્લા પ્રમુખ મયુરજીભાઈઠાકોર, બાબરા તાલુકા પ્રમુખ લાલજીભાઈ ઠાકોર, શહેર પ્રમુખ ખોડલજીભાઈ ઠાકોર કાર્યકરો ઉપસ્થિત રહયા હતા.

વિશ્વ વિજ્ઞાન દિનની ઉજવણીના ભાગરૂપે જુના જાંજરીયા અને હુલરીયા શાળામાં વિજ્ઞાન કાર્યક્રમો યોજાયા

જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર અમરેલીનું આયોજન : તર્જજ્ઞો દ્વારા માર્ગદર્શન

અમરેલી, વિશ્વ વિજ્ઞાન દિનની ઉજવણીના ભાગરૂપે જુના જાંજરીયા અને હુલરીયા પ્રાથમિક શાળામાં વિશ્વ લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિજ્ઞારૂન વિષયક કાર્યક્રમ યોજાયા હતા. ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરીત ડીસ્ટ્રીકટ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, શ્રી ગિરધરભાઈસંગ્રહાલય અને બાલભવન, અમરેલી દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ, ૨૮મી ફેબ્રુઆરી ૨૦૧૫ના સંદર્ભમાં વિજ્ઞાન પ્રસાર અને પ્રચારના હેતુ માટે બગસરા તાલુકામાં જુના જાંજરીયા પ્રાથમિક શાળા તથા હલરીયા પ્રાથમિક શાળામાં ગોઠવાયેલા કાર્યક્રમોમાં જાંજરીયા પ્રાથમિક શાળા ખાતે ૧૩૩ વિધાર્થીઓની સમક્ષ વિજ્ઞાનના મુળભુત સિધ્ધાંતોની સમજ આપતા કેટલાક પ્રાયોગિક કાર્યોશ્રી ટી.જી.માંડલીયા તથા શ્રીમણવર દ્વારા રજુ કરવામાં આવેલ હતા. કાર્યક્રમની શરૂઆતમાં કાર્યક્રમનો વૈજ્ઞાનિક હેતુ સમજાવતું પ્રાસંગિક પ્રવચન જિલ્લા લોકજ્ઞિાન કેન્દ્ર અમરેલીના એડી.ડાયરેકટરશ્રી નિલેશ.કપાઠક તથા શાળાના આચાર્યશ્રી રજાભાઈ એચ. વઘાસીયાએ કરેલ હતું. ઉદબોધન બાદ ધો.૬,૭, અને ૮ના તેમની કક્ષાની એક કવીઝ ૫૭ વિધાર્થીઓ માટે યોજવામાં આવેલ હતી. જેમાંથી ક્રમશઃ પ્રથમ દ્વિતિય, તૃતિય તરીકે મકવાણા હિરલ વિપુલભાઈ, મકવાણા સંધ્યો વાભાઈ તથા મેવાડા રેશ્મા પ્રેમચંદભાઈ આવ્યા હતા, અનેપ્રોત્સાહન નંબર પર મકવાણા મેહુલ ભુપતભાઈ તથા મકવાણા પાયલ કેશુભાઈ રહયા હતા. તમામ વિધાર્થીઓને પ્રતિક ભેપ્રદાન કરી, વિજ્ઞાન પ્રત્યે તેમનું પ્રોત્સાહન વધારવામાં આવેલ હતું.કાર્યમાં અચાર્યશ્રી રજાભાઈ એચ.વઘાસીયા તથા શિક્ષકશ્રીઓ સર્વેશ્રી મંજુલાબેન હિરપરા, શ્રી ચંપાબેન ગૌસ્વામી ,શ્રી હંસાબેન ટાંક, શ્રીરંજનબેન લાઠીયા, શ્રી ભાવનાબેન વાળા અને કાંતિબેન ચૌહાણનો સહતોગ પ્રાપ્ત થયેલ હતો.જયારે હુલરીયા પ્રાથમિક શાળા હુલરીયા મુકામે આચાર્યશ્રી અજીતસિંહ કે.ચાવડા તથા એડી.ડાયરેકટરશ્રી નિલેશ કે.પાઠકના ઉદબોધન બાદ ઉપસ્તિ ૪૨ વિધાર્થીઓ સમક્ષ પુર્વ આચાર્યશ્રીટી.જી.માંડલીયા તથા શ્રીમનવર દ્વારા વિજ્ઞાનની મુળભુત પાયાની સમજુતી આપતા રજુ કરાયેલા પ્રયોગમાં શાળાના શિક્ષકો શ્રીરમેશભાઈ સોલંકી, શ્રી વિપુલભાઈ બી.પરમાર તથા શ્રીકિંર્તુબેન ગોહિલના સહકારથી રજુ કરેલ હતો.સીએસ.સી.ટીમ એડી.ડાયરેકટરશ્રી નિલેશ કે.પાઠક, પ્રોફે.શ્રીડોડીયા, શ્રીટી.જી.માંડલીયા, ીમનવર તથા પંકજ લશ્કરી ઉપસ્થિત રહયા હતા.સંસ્થાના ચેરમેન શ્રી જવાહરભાઈ મહેતા, કો-ચેરમેન ડો.શ્રી.જસાણી, વાઈસ ચેરમેનશ્રીઘનશ્યામભાઈ પરીખ, નિયામકશ્રી હિરાલાલ શાહ, મંત્રીશ્રી કિશોરભાઈ મહેતા, મંત્રીશ્રી મનિષભાઈ દવે, એ.ડી.ડાયરેકટરશ્રી નિલેશ કે.પાઠક, સલાહકારશ્રજયંતિભાઈ રાવળ, સલાહકારશ્રી બાલાભાઈ માંજરીયાના માગદર્શન અનુસાર કાર્યક્રમને વેગ આપવામાં આવેલ.

લીલીયાના ભેંસાણ ગામની પ્રાથમિક શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

બાળકોએ ઐતિહાસિક, ધાર્મિક સ્થળો વન્યપ્રાણીઓની માહિતી મેળવી

ભેંસાણ, લીલીયા તાલુકાના ભેંસાણ પ્રાથમિક શાળા, સાંજણમીસા બોડીઆ પ્રા.શાળાનો સંયુકત શૈક્ષણિક પ્રવાસ તુલસીશ્યામ, દિવ, સોમનાથ આયોજન કરવામાં આવેલ.જેમાં બાળકોએ ઐતિહાસિક, ધાર્મિક, વન્યપ્રાણીઓની માહિતી મેળવી આ શૈક્ષણિક પ્રવાસમાં બાળકોએ પૌરાણિક તુલસીશ્યામ મંદિરમાં દર્શન કરી ગીર અભયારણ્યમાં ઉગેલ વૃક્ષો વન્યજીવોનો અભ્યાસ કરેલ દિવમાં ઐતિહાસિક કિલ્લો, રમણીય સ્થળોની મુલાકાત લઈ આનંદ મેળવેલ પ્રવાસનું આયોજન આચાર્ય દ્વારા કરવામાં આવેલ તેમ રેખાબેન રાવળની યાદીમાં જણાવેલ છે.

ખાંભા બેઠકમાં મિત્ર મંડળની સ્થાપના કરાઇ

બેઠકમા લેવાયેલો નિર્ણય:હોદેદારોની નિમણુક

ખાંભા,ખાંભા શહેર તેમજ ખાંભા તાલુકા ગામડામા રહેતા નાગરીકોશ્રી અમરેલી મુકામે વસવાટ કરતા સમસ્ત સમાજનીખાંભા તાલુકા મિત્ર મંડળની સ્થાપના કરવા માટે ખાંભાના યુવાવેપારી તેમજ કોગ્રેસ સેવાદળના પ્રમુખ શ્રીકમલેશભાઈ ત્રિવેદીના અમરેલીના નિવાસ સ્થાને મીટીગનું આયોજન કરવામાં આવ્યુ હતુ અને તેમાં બહોળી સંખ્યામાં ખાંભાના વતની તેમજ હાલ અમરેલી મુકામે રહેતા ભાઈઓ તેમજ બહેનો હાજર રહેલ ખાંભા મિત્ર મંડળના ઉદેશો તેમજ સભ્ય નોંધણી માટેની ચર્ચા કરવામાં આવેલ આ અંગે વધુ વિગતો માટે સહમુખભાઈ પટેલ:૯૪૨૮૭ ૧૨૪૨૮,કમલેશભાઈ ત્રિવેદીઃ ૯૯૨૫૫ ૪૦૧૦૬નો સંપર્ક કરી મિત્ર મંડળના સભ્ય થવા ફોર્મ ભરવા જણાવેલ છે. અંતે આભારવિધી નટુભાઈ માધાવણીએ કરેલ હતી.

મોટી વાવડીમાં સામાજીક કાર્યકરના નામે ચોકનું અનાવરણ કરાયું

વિવિધ આગેવાનો અને ગ્રામજનોની ખાસ ઉપસ્થિતિ

ગારીયાધાર,

ગારીયાધારના મોટી વાવડીમાં સેવાના ભેખધારી સામાજીક કાર્યકર ખોડીદાસ કનાડીયાના નામે ચોકનું અનાવરણ વિધી કાર્યક્રમ વિશ્વકર્મા જયંતિના દિવસે ગ્રામજનો દ્વારા કાર્યક્રમ યોજાયો હતો જેમાં કાર્યક્રમનું ઉદઘાટન વલ્લભભાઈ વિરાણી દ્વારા કરવામાં આવેલ, ભાવેશભાઈ દ્વારા ખોડીદાસભાઈ કનાડીયાનું ફુલહારથી સ્વાગત કરવામાં આવેલ, આ પ્રસંગે ઘનશ્યામસિંહ ગોહિલ, અશોકભાઈ કેપડીયા, અરવિંદભાઈ વિરાણી, ભુપતભાઈ મિસ્ત્રી, દેવસીભાઈવાઘેલા, રાજભા ગોહિલ, ડો.અનિરુધ્ધ સિંહ ગોહિલ, ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

બગસરા જેસીસ ગૃપ દ્વારા વિનામુલ્યે નેત્રનિદાન અને સારવાર કેમ્પ યોજાશે

રણછોડદાસજીબાપુ ચે.ટ્રસ્ટ રાજકોટના સહયોગથી આયોજન

બગસરા,

બગસરા જેસીસ ગૃપ સંચાલીત માણેકચંદ મુળચંદ સાર્વજનિક ટ્રસ્ટ આંખની હોસ્પિટલ બગસરા ખાતે શ્રીરણછોડદાસજીબાપુ ચે.ટ્રસ્ટ રાજકોટના સહયોગથી વિનામુલ્યે નેત્રરોગ નિદાન સારવાર કેમ્પ તા.૧૩-૨ શુક્રવારના આયોજન કરેલ છે કેમ્પના દાતા હીતેષભાઈ બહીરયા મુંબઈના સહયોગથી શ્રીસુરેશભાઈ રાયડા મુંબઈ (બગસરાવાળા) દ્વારા યોજેલ છે તો સવારે ૯:૩૦ કલાકે દર્દીઓએ સ્થળ પર સમયસર હાજર રહેવા જણાવેલ છે.

ભેંસાણ પ્રાથમિક શાળામાં પ્રજાસતાકદિનની ઉજવણી

ભેંસાણ,લીલીયા તાલુકાના ભેંસાણ પ્રાથમિક શાળામાં ૬૬માં પ્રજાસતાકદિને શાનદાર ઉજવણી કરવામાં આવી હતી ધ્વજવંદન બાદ ધો.૫થી૭ના બાળકોએ સાંસ્કૃતીક કાર્યક્રમ રજુ કરેલ જેમાં વિવિધ કૃતિઓ સાંસ્કૃતિક નાટક રજુ કરેલ આ પ્રસંગે મહિલાઓ ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ કાર્યક્રમનું સંચાલન રૂપાબેન રાવળ, આભારવિધી રજનીભાઈ ચાહાણે કરેલ કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે જહેમત ઉઠાવી હતી.

જુનાગઢમાં સત્યાગ્રહ છાવણીની મુલાકાતે શ્રીમશરૂ

જુનાગઢ,જુનાગઢ શહેર મતવિસ્તારના અનુસુચિત જાતિ અને જનજાગૃતીના લોકોને વિકાસ માટેની આવેલ ગ્રાન્ટ ૬ કરોડ ૧૩ લાખ રૂપિયા અન્ય જગ્યાએ દર્શાવતા સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન ઠરાવ નં.૧૬૫ તા.૨૩-૧-૨૦૧૫ના વિરૂધ્ધમાં યુવા દલિત સેનાના પ્રમુખ ધર્મેશભાઈ પરમારના ૩૪ દિવસથી ચાલતા સત્યાગ્રહમાં રૂબરૂ મુલાકાત લીધી હતી.

અમરેલી માર્કેટ યાર્ડ

તલસફેદ૧૧૫૫૧-૧૮૮૧
શીંગ મોટી-૫૪૦-૮૬૬
તુવેર-૫૦૦-૧૧૪૨
ટુકડા ઘઉ-૨૭૦-૩૮૪
અડદ -૮૨૫-૧૧૨૫
તલકાળા-૧૫૦૦-૨૮૩૮
ચણા -૪૦૦-૬૫૧
કપાસ -૭૦૩-૮૧૬
જીરૂ -૨૩૦૨-૨૬૧૯
બાજરો-૨૭૫
અજમા-૯૭૦-૨૭૭૬
એરડા -૭૨૮-૭૬૯
લોકવન ઘઉ-૨૮૧-૩૪૫
ગુવારબી-૭૩૦-૮૦૮
ધાણા-૮૦૦-૧૪૫૦
મેથી-૭૦૫-૧૧૨૫

અમરેલી શાકભાજી

બટેટા -૧૯૦-૨૫૦
રીંગણા -૨૦૦-૩૦૦
કોબી -૧૭૦-૨૪૦
ટમેટા -૪૫૦-૫૫૦
સકરીયા-૪૫૦-૫૫૦
સુરણ-૪૦૦-૫૦૦
ગાજર-૧૮૦-૨૪૦
દુધી -૧૮૦-૨૫૦
મુળા -૨૨૦-૨૬૦



વાલોળ -૩૭૦-૪૫૦
કાકડી-૪૦૦-૫૦૦
ભીંડો -૪૦૦-૫૦૦
કોથમીર -૧૬૦-૨૫૦
મેથીભાજી-૮૦-૧૨૦
બીટ-૪૦૦-૫૦૦
મરચાલીલા -૪૦૦-૫૦૦
લસણ લીલુ -૮૦૦-૧૦૦૦
લીંબુ-૮૦૦-૧૦૦૦
લસણ -૨૫૦-૪૦૦
કંદ -૭૦૦-૮૦૦
સરગવો-૪૫૦-૫૪૦
ટીંડોરા-૪૦૦-૫૦૦
સુકી ડુંગળી-૧૪૦-૪૦૦

સાવરકુંડલા માર્કેટ

શીંગ મોટી-૮૦૦-૮૫૮
તલ સફેદ-૧૫૪૦-૧૮૨૫
એરંડી-૭૧૦-૭૪૦
જીરૂ -૨૫૦૦-૨૭૦૦
કપાસ -૫૭૦-૭૯૫
લોકવન-૩૦૦-૩૪૦
ગુવારબી-૭૧૦-૭૮૦

ચણા-૫૫૦-૬૨૧
બાજરો-૨૫૦-૨૮૦
અડદ-૯૫૦-૧૧૦૦
તુવેર-૧૦૦૦-૧૨૦૦

ગોંડલ માર્કેટયાર્ડ

લોકવન -૩૧૭-૩૯૯
ટુકડા -૩૧૫-૫૯૫
મઠ-૯૦૦-૧૧૨૧
તુવેર-૬૯૧-૧૧૬૧
કપાસ-૭૫૦-૮૦૧
મકાઈ-૨૭૬-૩૦૧
વાલ-૯૨૧-૧૩૪૧
ચણા-૫૫૦-૫૨૧
અડદ -૮૩૧-૧૧૬૧
એરંડા-૭૪૬-૮૮૬
ચોળા-૮૦૧
તલી-૧૫૦૧-૧૯૪૧
મેથી-૮૦૧-૧૪૪૧
શીંગદાણા-૮૦૧-૧૦૭૧
શીંગફાડા-૬૦૦-૯૪૧
ધાણા-૯૫૧-૧૬૯૧

લસણ -૧૩૧-૮૫૧
ડુંગળીલાલ -૩૬-૩૧૬
મગફળીજીણી-૫૭૦-૮૭૬
મગફળી જાડી -૫૪૦-૯૦૬
જીરૂ -૨૪૭૧-૨૫૩૧
ડુંગળી સફેદ-૧૮૧-૨૩૬
સોયાબીન-૫૨૧-૫૪૧
ચણા-૪૨૫-૫૭૫
ગુવારબી-૬૫૧-૭૯૧
તલ કાળા-૧૭૦૦-૨૯૭૧
તલ લાલ-૧૭૦૦-૧૭૫૦
રાયડો-૭૬૧

જેતપુર માર્કેટયાર્ડ

મગફળી જીણી-૫૭૦-૮૦૪
મગફળીજાડી-૫૯૦-૮૬૧
લોકવન -૨૯૦-૩૩૦
ટુકડા -૩૧૦-૩૫૦
લસણ-૧૫૦-૮૩૩
કપાસ-૬૨૧-૮૧૨
એરંડા-૭૦૧-૭૮૫
જીરૂ-૨૧૦૧-૨૭૦૦

ચણા-૪૨૧-૫૯૩
ડુંગળી-૭૧-૩૦૦
ધાણા- ૧૦૫૦-૧૫૩૫
શીંગદાણા-૯૨૫-૧૦૩૫
શીંગફાડીયા-૮૫૦-૯૭૦
ગુવારબી-૭૦૧-૭૫૫

બાબરા માર્કેટયાર્ડ

કપાસ-૭૪૦-૮૨૦
મગફળી-૭૯૫-૮૩૯
જીરૂ-૨૬૦૦-૨૬૩૮

બગસરા માર્કેટયાર્ડ

કપાસ-૭૦૦-૮૧૮
ચણા-૫૯૦-૬૦૦
ઘઉ લોકવન-૩૦૦-૩૧૧
જુવાર-૬૫૦-૭૦૧
મકાઈ-૩૧૦-૩૧૬
ગમગુવાર-૭૫૦-૭૮૭
જીરૂ-૨૪૮૦-૨૬૩૭
લસણ-૫૦૦-૬૫૧
ધાણા-૯૭૦-૧૨૦૦

અમરેલી

આજનું તાપમાન

મહ ામ તાપમાન	૩૨.૦
ન્યુનતમ તાપમાન	૧૫.૩
હવામાં ભેજનું પ્રમાણ	૪૪%
પવનની ગતિ સરેરાશ	૫.૨

આપની આજ



તમે કરેલા નિર્ણય સાચા ઠરે
વિલંબથી કાર્ય પુર્ણ થાય
જવાબદારીમાં વધારો થવો
પ્રમોશનની તક મળે
સામાજિક રીતે આગળ વધી શકો
ગમતી પવૃતી કરી શકો
જુના મિત્રોને મળવાનું થાય
કારણ વિના ઉચાટ રહે
કામકાજ અંગે દોડધામ રહે
વગર વિચાર્યે કામ ન કરવું
વધુ વિશ્વાસે ન ચાલવુ
માનસિક વ્યથા જણાય

તા.૭-૨-૨૦૧૫, શનિવાર વિક્રમ સંવત ૨૦૭૧ મહાવદ ત્રીજ, સંકષ્ટ ચતુર્થી, ઉતરા ફાલ્ગુની નક્ષત્ર સુકર્મા યોગ બવ કરણ બપોરે ૧૨:૧૦ સુધી સિંહ(મ,ટ) ત્યારબાદ કન્યા (૫,ઠ,ણ)





ગઈકાલે આપણે ગ્રહ સાથે રંગનો સંબંધ જોતા હતા શનિ મહારાજ ને કાળો રંગ પ્રિય છે તો રાહુને ધુમાડા જેવો રંગ પ્રિય છે, વાસ્તુશાસ્ત્રમાં પુર્વના ઈષ્ટ સુર્ય મહારાજ છે તો ઈશાનના ઈષ્ટ ગુરૂ મહારાજ છે ઉતરમાં બુધ મહારાજ વાયવ્યમાં ચંદ્રદેવ તો પશ્ચિમમાં શનિ મહારાજ છે નૈઋત્યમાં રાહુ- કેતુ અધિપત્ય છે તો દક્ષિણમાં મંગળનું અગ્નિકોણ પર શુક્રનું અધિપત્ય છે આ બાબત સમજી જે તે દિશા અને કોણમાં તે મુજબના રંગની પસંદગી કરવામાં આવે તો લાભ મેળવી શકાય છે જો કે રંગ પસંદગી વખતે કયા મુખનું મકાન છે તથા દરવાજા વિગેરે બાબતોમાં વિચાર કરવામાં આવે છે.

લાઠીનાં આંસોદર હાઈસ્કૂલનાં પ્રિન્સીપાલ જેએન ભાલાળાને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ અર્પણ

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર દ્વારા એવોર્ડ અપાયો

અમરેલી,

લાઠીના આંસોદર હાઈસ્કૂલના પ્રિન્સીપાલ જેએન ભાલાળાને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ અર્પણ કરાયો છે.

શ્રી અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વારા આયોજિત અમરેલી જિલ્લા ગાયત્રી પરિવાર સંચાલિત ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનાં માધ્યમથી સંસ્કૃતિના ઉત્થાન અને ઉત્કર્ષ માટે હંમેશા અગ્રેસર ભૂમિકા નિષ્ઠાપૂર્વક ભજવવા બદલ વર્ષ ૨૦૧૪-૧૫નો શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ આપવામાં આવેલ.

આ એવોર્ડ કેળવણીકારણ શ્રી વસંતભાઈ પરીખના અધ્યક્ષસ્થાને તેમના વરદ હસ્તે પાઠક સ્કૂલના ડાયરેકટર શ્રી વસંતભાઈ પાઠક શ્રી આનંદભાઈ ભટ્ટ તથા ગાયત્રી પરિવાર ઉપઝોનલના સંયોજક શ્રી જે.વી. આચાર્ય, શ્રી બીપીનભાઈ ભરાડ, શ્રી બાબુભાઈ રાજયગુરુ, શ્રી ભારતભાઈ આચાર્ય, શ્રી હિતેષભાઈ ત્રિવેદી, શ્રી વિજયભાઈ મહેતા, શ્રી રવજીભાઈ કાચા, મતીરાળા હાઈસ્કૂલના આચાર્ય શ્રી વી.કે.ચાવડા, શ્રેખપીપરીયા, હાઈસ્કૂલના આચાર્ય શ્રી જીતુભાઈ ત્રિવેદી, એમએસી મહેતા હાઈસ્કૂલ દામનગરનાં આચાર્ય શ્રી બીજે સુહાગીયા, શ્રી ડો. ભાવશેભાઈ પંડયા, દરેક તાલુકના કન્વીનર તથા દિવના કન્વીનર શ્રી ચંદ્રાબેન દરેક તાલુકામાં પ્રથમ અની બીજો નંબર મેળવનાર વિદ્યાર્થીઓ હાજર રહેલ.

અમરેલીમાં બાલ સાહિત્ય વિચાર સંગોષ્ઠિ

બાલસાહિત્ય અકાદમી, રૂપાયતન ટ્રસ્ટ, લોકવિજ્ઞાન કેન્દ્ર અને સર્જક સેતુનું આયોજન : સાક્ષરોની ઉપસ્થિતિ

અમરેલી,અમરેલીમાં બાલ સાહિત્ય અકાદમી અમદાવાદ, રૂપાયતન ટ્રસ્ટ, લોકવિજ્ઞાન કેન્દ્ર અને સર્જક સેતુ દ્વારા બાલ સાહિત્ય વિચાર સંગોષ્ઠિ તા.૧૫-૨-૧૫ના રોજ બાલભવન સંગ્રહાલય ખાતે યોજાશે. સવારે ૯-૩૦ ઉદઘાટન અને સાહિત્ય અકાદમી દ્વારા પુસ્તક વિમોચન, ૧૦-૩૦થી ૧ બેઠકમાં નટવરભાઈ પટેલ, ડો.કાલિન્દીબેન પરીખ અને યશવંતભાઈ મહેતા, ભારતીબેન ગોર, ડો.ઈશ્વર પરમાર પ્રવચન આપશે. આ સંગોષ્ઠિનું ઉદઘાટન ડો.પ્રતાપભાઈ પંડયા કરશે. અધ્યક્ષપદે ડો.વસંતભાઈ પરીખ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં યશવંતભાઈ મહેતા, યોસેફ મેકવાન, રમેશભાઈ પારેખ(મરણોત્ત) ડો. બ્રધ્ધાબેન ત્રિવેદી, ડો.ઈશ્વર પરમારનું સન્માન કરાશે. શ્રી ગુણવંતભાઈ જોશીના વાર્તા સંગ્રહ અરણ્યવાસ, રવજીભાઈ કાચાના સોનેરી રાજહંસ અને હસમુખ બોરણીયાના પુસ્તક ચકલીનો માળોનું વિમોચન કરશે.

રાજુલાના ગ્રામસેવક વિક્રમભાઈનું સન્માન

લાઠી,શ્રેષ્ઠ ગ્રામસેવક કામગીરી બદલ સન્માન તા. ૨૬/૧/૨૦૧૫ સોમવારના રોજ અમરેલી જિલ્લા પંચાયત ખાતે ધન્વંતરિ બાદ વિક્રમભાઈ બી.દેથળીયાનું શાલ ઓઢાડી સન્માન કરેલ.આ પ્રસંગે માનનીય શ્રી શરદભાઈ લાખાણી પ્રમુખશ્રી જિલ્લા પંચાયત,શ્રી નલીનભાઈ કોટડીયા ધારાસભ્યશ્રી ધારી - બગસરા, શ્રી રામભાઈ સાનેપરા બાંધકામ સમિતિ ચેરમેનશ્રી ડાળુભાઈ પાનસુરીયા ન.પા. પ્રમુખશ્રી તથા શ્રી દિનેશભાઈ પોપટ, શ્રી પ્રેમજીભાઈ માધડ તથા જિલ્લા પંચાયત કર્મચારીઓ હાજર રહ્યા હતા.સ ન્મા ન બદલ રાજુલા ખાતેના અધિકારીશ્રીઓ તથા સ્ટાફ મિત્રો તથા સ્નેહિ મિત્રોની શુભેચ્છા બદલ આભાર વ્યક્ત કરેલ છે.

ચિતલના જસવંતગઢમાં મહિલા મંડળની મીટીંગ મળી

અમરેલી,ચિતલના જસવંતગઢમાં મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ રંજનબેન ડાભીના અધ્યક્ષસ્થાને એક મીટીંગનું આયોજન થયુહતું. જેમાં જુદા જુદા દશ જેટલા મહિલા - મંડળના બહેનો હાજર રહેલા હતા. મંડળના બહેનો દ્વારા દર મહિને બચત જમા કરી સ્વબંડોળ બેંકમાં જમા કરી, મંડળના જરૂરીયાતમંદ બહેનોને ધીરાણ આપી બહેનો નાના મોટા ઉદ્યોગો માટે અથવા આકસ્મીક જરૂરીયાત પડી હોય ત્યારે મંડળમાંથી એ બહેનને આર્થીક મદદ મળી રહે. તેવા હેતુથી આયોજન થાય છે. બહેનોનો પ્રેરણા પ્રવાસ પણ કરાવવામાં આવે છે.જેમાંથી બહેનો ખુબ સારૂ માર્ગદર્શન મળે છે. નારી - સુરક્ષા ૧૦૮ ની જરૂરીયાત, ૧૮૧ ની જરૂરીયાત, ૫૦ % મહિલાને પ્રાધાન્ય, સખીમંડળોને સરકારની સહાય વગેરેની માહિતી રંજનબેન ડાભી દ્વારા આપવામાં આવેલી હતી.

ધારીના ફાચરીયા પ્રા.શાળાના આચાર્યને ચિત્રકુટ એવોર્ડ આપી સન્માનીત કરાયા

પૂ. મોરારિબાપુના હસ્તે સન્માનપત્ર - શાલ - રોકડ ૧૧ હજાર એનાયત કરાયા

ધારી (હસમુખ દવે),

ધારીના ફાચરીયા પ્રા.શાળાના આચાર્ય જીશેશપુરી સુરેન્દ્રપુરી ગોસ્વામીને વિશ્વ વંદનીય સંત પૂ. મોરારીબાપુના હસ્તે ચિત્રકુટ એવોર્ડથી સન્માનીત કરેલ છે. ગુજરાત રાજય પ્રા.શિ. સંઘ દ્વારા ૧૧ શિક્ષકોની પસંદગી થયેલ જેમાં પૂ. મોરારીબાપુના હસ્તે સન્માનપત્ર શાલ, અને રૂા. ૧૧,૦૦૦ રોકડ થી પુરસ્કૃત કરેલ હતા. ધો. ૩ થી ૮ ના ગુજરાતીના લેખક સ્ટેટ રિસોર્સ ગ્રુપના સભ્ય તરીકે તેઓ કાર્ય કરે છે. શિક્ષણમાં નાવિન્ય કરણ, જોયફુલ લર્નિંગ અને શિક્ષણની વિવિધ પ્રવૃતિ પ્રયુક્તિથી તેઓ શિક્ષણ કાર્ય કરે છે. સ્વર્ગથી લ્હાલી અમને અમારી શાળા સુગના સહારે સમાજ અને શિક્ષણને જીવંત શિક્ષકનું ઉદાહરણ પુરૂ પાડતા તેઓને ધારીના શિક્ષકો સર્યુકાન્ત મહેતા, મધુબેન દવે, મયુરભાઈ દવે, ડો. મનુભાઈ ભરાડે બિરદાવેલ છે.

અમરેલીના સુપ્રસિધ્ધ બાસુંરી વાદક સંજીવભાઈ ધારૈયા પીએચડી થયા

બૃહદ ગુજરાત સંગીતની સર્વોચ્ચ પદવી હાંસલ કરી

અમરેલી, અમરવેલી અમરેલીના રત્ન સમાન, સુપ્રસિધ્ધ બાંસુરીવાદક શ્રીસંજીવભાઈ ધારૈયા અમદાવાદ ખાતે લેવાયેલ ગાંધર્વ મહાવિદ્યાલય સંચાલિત, બૃહદ ગુજરાત સંગીત સમિતિમાંથી સંગીતક્ષેત્રની સર્વોચ્ચ પદવી સંગીત પ્રવિણ (બાંસુરીવાદન) પ્રથમ વર્ગમાં મેળવીને સમગ્ર અમરેલીનું ગૌરવ વધાર્યું છે. તેમણે તે સમયે અમરેલીમાં રહેતા સંગીતગુરૂ શ્રીમનુભાઈ કોઠારી (ભાટીપુર -કચ્છ) પાસેથી મેળવ્યું છે. ઈ.સ.૧૯૯૦માં પંડિત ઓમકારનાથ ઠાકુર શાસ્ત્રીય સંગીત સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાં શ્રીસંજીવભાઈ પ્રથમ રહયા હતા. તેજ વર્ષે તેઓએ શ્રેષ્ઠ સંગીત સાધકનો એવોર્ડ પણ પ્રાપ્ત કર્યો હતો.ઈ.સ. ૧૯૯૯માં ઓલ ઈન્ડીયા ઈન્ટર બેંક મ્યુઝીક કોમ્પીટીશનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શ્રીસંજીવભાઈએ ગુજરાતનું વધાર્યું હતુ. ઈ.સ. ૨૦૧૧માં અમરેલીના વતનના રતન એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો.

ગુજરાત સંગીત નાટક એકેડમી ગાંધીનગર આયોજીત તાનારીરી શાસ્ત્રીય સંગીત સમારોહ તથા બૈજુ સંગીત સમારોહમાં સ્વતંત્ર રીતે બાંસુરીવાદન રજુ કરેલ છે. એ જ રીત પ્રતિષ્ઠીત સંસ્થા સંગીત સંકલ્પના રાષ્ટ્રીય અધિવેશનમાં પણ બાંસુરીવાદન રજુ કરી સંગીત તજજ્ઞોની પ્રશંષા પ્રાપ્ત કરી છે. હાલમાં શ્રીસંજીવભાઈ ઘારૈયા આકાશવાણી અને દુરદર્શનના બી-હાઈ ગ્રેડના કલાકાર તરીકે પોતાના કાર્યક્રમો રજુ કરી રહયા છે. વિવિધ ગુજરાત સંગીતની સી.ડી.માં બાંસુરીવાદનરજુ કર્યુ છે. શ્રીસંજીવભાઈ ઉતમ બાંસુરીવાદક સાથે એક સારા સ્વરકાર પણ છે. તેમણે જાણીતા વિવિધ કવિઓની રચનાને સ્વરસંગાથ પુરો પાડી વિવિધ આલ્બમ પણ બહાર પાડયા છે.

ખાંભામાં પત્રકારો પર હુમલા સંદર્ભે

વિજપડીના પત્રકારોએ સાવરકુંડલા મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

સાવરકુંડલા,ખાંભામાં પત્રકાર દશરથસિંહ રાઠોડ અને હિરેન્દ્રસિંહ રાઠોડને ખાંભાના ઈન્ચાર્જ આર.એફ.ઓ. રાતડીયાએ માહિતી આપવાના બદલે દંડરાજ ચલાવતા વિજપડી પત્રકાર સંઘના સમીરભાઈ ખોખર, સંજયભાઈ વાઘેલા, ઈબ્રાહીમભાઈ ખોખર, ફારૂક કાદરીએ સાવરકુંડલા મામલતદાર કચેરીમાં મામલતદાર અનિરૂધ્ધ સિંહ ઝાલાને આવેદનપત્ર પાઠવી શિક્ષાત્મક કાર્યવાહી કરવા માંગ કરી છે.

તિરૂપતી બાલાજીમાં રાષ્ટ્રીય સંસ્કૃત સ્પર્ધા યોજાઈ

પૂ.સ્વામીશ્રી માધવપ્રિયદાસજીએ વિજેતાઓને પ્રોત્સાહિત કરી આશિર્વાદ આપ્યા

અમદાવાદ,રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ તિરૂપતિ બાલાજી દ્વારા આયોજિત નવમ અખિલ ભારતીય સંસ્કૃત છાત્ર પ્રતિભા સમારોહ પ્રસંગે શાસ્ત્રી તેમજ આચાર્ય કક્ષાના છાત્રો માટે સંસ્કૃત વાક્ વર્ધિનીસ્પર્ધા-ન્યાય, વેદાન્ત, ધર્મશાસ્ત્ર, વ્યાકરણ, જ્યોતિષ વગેરે વિષયો પર યોજાઈ હતી. જેમાં ભારતભરની ૨૬ સંસ્કૃત મહાવિદ્યાલયના ૪૭૫ ઉપરાંત વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ એસજીવીપી સંચાલિત દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના ૧૩ ઋષિકુમારોએ ભાગ લીધો હતો.ગુરૂકુલમાં યોજાયેલ અભિવાદન સમારંભમાં શા. માધવપ્રિયદાસજી સ્વામી તેમજ પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીએ વિજેતા તેમજ અન્ય વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઈનામ સાથે શુભાશિર્વાદ આપ્યા હતા.

સ્વામીનારાયણ સંતના દલિત સમાજ વિરોધી ઉચ્ચારણ સામે અમરેલી જિલ્લામાં વ્યાપક રોષ

લોક અધિકારી સેના દ્વારા કલેકટરશ્રીને આવેદન

અમરેલી,બોટાદ જિલ્લાના કુંડલ ગામે સ્વામીનારાયણ સંપ્રદાયની એક શિબિરમાં જ્ઞાનજીવન સ્વામી નામના સંતે દલિત સમાજ વિરૂધ્ધ ઉચ્ચારણ કરી અમારા સમાજને બંધારણીય રીતે મળેલ હક્ક અધિકારીથી વિરૂધ્ધનું કૃત્ય હોય તેમના સામે એટ્રોસીટી એકટ અને બંધારણીય જોગવાઈ મુજબ કાર્યવાહી કરવા રાજયપાલશ્રીને જિલ્લા કલેકટર મારફત આવેદનપત્ર પાઠવેલ છે. અને આ બનાવને શબ્દ શબ્દોમાં વખોડી કાઢેલ છે.

જનકભાઈ પાંચાણીના લગ્ન પ્રસંગે નવતર પ્રયોગ

લીલિયાના જાત્રોડામાં લગ્ન પ્રસંગે રક્તદાન અને વિનામૂલ્યે નેત્રનિદાન સારવાર કેમ્પ યોજાયો

આંખના ૧૩૫ દર્દીઓને તપાસ્યા :૧૪ દર્દીને ઓપરેશનમાં લઈ જવાયા : ૨૩ બોટલ રક્ત એકત્ર થયું : અનેરી લોકસેવા

લીલિયા,લીલિયાના જાત્રોડામાં લગ્ન પ્રસંગે રક્તદાન, નેત્રનિદાન કેમ્પ યોજાશે.

લીલિયાના જાત્રોડા ગામના યુવા રિપોર્ટર જનકભાઈ શિવાભાઈ પાંચાણીના લગ્ન પ્રસંગે રક્તદાન કેમ્પ અને નેત્રનિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. ૨૩ બોટલ રક્ત એકત્ર થયેલ અને ૧૩૫ લોકોની આંખ તપાસવામાં આવેલ જેમાં ૧૪ દર્દીઓને મોતીયાના ઓપરેશન માટે લઈ જવામાં આવેલ. રેડક્રોસ સોસાયટી અમરેલી અને રણછોડદાસજી ચેરી.ટ્રસ્ટ રાજકોટના ડોક્ટરોએ ઉમદા સેવા આપી હતી. આપ્રસંગે વરરાજા જનકભાઈ પાંચાણીએ રક્તદાન કરી સમાજમાં નવો રાહ ચીંધેલ છે. આ અવસરે આજુબાજુની ગીશાળામાં ગાયને ઘાસ ચારો આપવામાં આવેલ.

અમરેલી બ્રહ્મકુમારીઝ દ્વારા રમતોત્સવ અને પુસ્તક વિમોચનનો કાર્યક્રમ યોજાશે

સ્પોર્ટસ ઓથોરીટી ગુજરાતના અમરેલીનાં સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે આયોજન

અમરેલી,અમરેલીમાં બ્રહ્મકુમારીઝ દ્વારા સુંદર રમતગમત કાર્યક્રમ અમરેલી સેવાકેન્દ્ર સાથે જોડાયેલા તમામ સેવા કેન્દ્રોના બ્રહ્માકુમારીઝ ભાઈઝબહેનો માટેનો રમતોત્સવ તા.૮-૨-૧૫ રવિવારના સવારે ૯-કલાકે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ચિતલ રોડ, અમરેલી ખાતે યોજાશે. આ દિવસે ચક્કરગઢ રોડ બ્રહ્માકુમારીઝ ગીતા પાઠશાળાના બ્રકુ બાલુભાઈ કેશવભાઈ પોશીયા દ્વારા ભૂલચુક લેવી દેવી કાવ્ય રચના પૂર્ણ કરેલ તે પુસ્તકનો વિમોચન કાર્યક્રમ સવારે ૯ કલાકે યોજાયો તેમ પ્રજાપતિ બ્રહ્માકુમારીઝ ઈશ્વરીયા વિશ્વ વિદ્યાલય વતી ગીતા દીદીએ જણાવ્યું છે.

સુરતમાં વિનામુલ્યે મેડીકલ કેમ્પ યોજાશે

સુરત,સુરત ફીમેલ ફર્સ્ટ હોસ્પીટલ દ્વારા આયોજીત પ્રેમાળ જીવદયા ટ્રસ્ટના સહયોગથી તા.૧૫/૨/૧૫ થી ૨૫/૨/૧૫ સુધી દરેક નિઃસંતાન દંપતિ માટે વિનામુલ્યે મેડિકલ કેમ્પનું આયોજન કરેલ છે ડો.શ્વેતાબેન પટેલ દ્વારા નિઃસંતાન દંપતિને તપાસ અને સલાહ માટે વધુને વધુ લાભ લઈ શકે તે માટે રજીસ્ટ્રેશન કરાવવા ફીમેલ ફર્સ્ટ હોસ્પીટલ રીંગરોડ કાગારૂ સર્કલ સુરતનો સંપર્ક સાધવા ગોવિંદભાઈ તલસાણીયાની યાદીમાં જણાવાયું છે.

મુંબઈ આઈઆઈટીમાં ઈલેક્ટ્રીકલ ઓજ્નિીયરીંગ પાવર સીસ્ટમમાં પીએચડીની પદવી મેળવનાર

લાઠીનાં ડો.મહિપાલસિંહજી ચુડાસમાનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો

લાઠી,(મહેશગીરી ગોસ્વામી)લાઠીના ક્ષત્રિય સમાજનાં અગ્રણી એવા શ્રી ઘનશ્યામસિંહજી રાણાના જમાઈ શ્રી ડો.મહિપાલસિંહજી ચુડાસમાએ મુંબઈ ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ પાવર સીસ્ટમમાં આઈઆઈટીમાં પીએચડીની પદવી મેળવતા લાઠી રાણા પરિવારના આંગણે યોજાયેલ સન્માન સમારંભમાં લાઠીના દરેક સમાજ તેમજ અગ્રણીઓ દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે ઠાકોર સાહેબશ્રી કિર્તીકુમારસિંહજી, ખિનવૃત એરમાર્શલ શ્રી જનકકુમારસિંહજી ગોહિલ, મામલતદારશ્રી આઈઆ,ચીફ ઓફિસરશ્રી ચૌહાણ, મહેન્દ્રસિંહજી જી. ગોહિલ, મહેન્દ્રસિંહજી કે.ગોહિલ, રાણાબાપુ, સરવૈયાબાપુ, ઝાલાબાપુ, શ્રી ચુડાસમા, મનોહરસિંહજી ગોહિલ, પૃથ્વીસિંહ રાણા, તેમજ અમરેલી, રાજકોટ ક્ષત્રીય સમાજ લાઠીના તમામ આગેવાનો તેમજ દરેક સંસ્થા અને સમાજનાં અગ્રણીઓ દ્વારા સન્માન કરવામાં આવેલ. ડો.મહિપાલસિંહ ચંદ્રસિંહ ચુડાસમાનાં સન્માન સમારંભમાં રાણા પરિવારનાં શ્રી ઘનશ્યામસિંહજી રાણા, હરેન્દ્રસિંહ રાણા, પૃથ્વીરાજસિંહ રાણા, હેમરાજસિંહ રાણાએ ઉપસ્થિત તમામ મહેમાનો આગેવાનો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરેલ.

ધાર્મિક કેટરર્સ
આપના ત્યાં આવતા શુભ પ્રસંગે લુડો ડિનર પાર્ટી, રીસેપ્શન પાર્ટીમાં સર્વિસ સાથે કેટરીંગ કરી આપીશું.
૪૯, સરદાર ચોકીય કેટર, વિજય પંચાલ રોડ, અમરેલી
કનુભાઇ પટેલ મો. ૯૮૨૫૪ ૪૬૦૦૬
મયુર પટેલ મો. ૯૫૮૨૨ ૩૩૪૦૦

ગોકુલ ફર્નીચર
ડ્રેસ મટીરીયલ ફર્નીચરની વિશાલ રેન્જ
વડલાબજાર રોડ, કિશોરોની લોકોની સામેના ફોન નં. ૦૨૭૮૪ ૫૩૨૩૦, (૦૨૭૮૪) ૨૪૧૮૧

सत्यमेवजयते
AVADH TIMES DAILY
અવધ ટાઇમ્સ
અમરેલી તા.૭-૨-૨૦૧૫ શનિવાર
પાના નં ૬

શ્યામ ડાઇનીંગ એન્ડ કેટરર્સ
શ્યામ ડાઇનીંગ હોલ
ઓપરેશન વિના હરસ-મસા ફીશરની સારવાર
ડૉ. ચેતન બનજારા B.A.M.S.

અમરેલી જિલ્લાનાં ઔદ્યોગિક વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે

રાજુલામાં ડીવાયએસપી કચેરીની દરખાસ્ત મુકતા એસપી

જિલ્લામાં સૌથી મોટો સાગરકાંઠો પણ રાજુલા અને જાફરાબાદ પંથકમાં છે

હાલમાં જિલ્લામાં અમરેલી અને સાવરકુંડલા ડીવીઝન મળી માત્ર બે જ ડીવીઝન છે ત્રીજી ડીવીઝન કચેરી રાજુલા આપવા દરખાસ્ત મોકલતા એસપીશ્રી મકરંદ ચૌહાણ

રાજુલા ડીવીઝન મંજૂર થયા પછી લીલિયાને અમરેલીમાંથી કુંડલામાં ભેળવવામાં આવશે

અમરેલી, અમરેલી જિલ્લાનાં ઔદ્યોગિક વિસ્તાર રાજુલા, જાફરાબાદ પંથકમાં વહીવટી અને કાયદો વ્યવસ્થાની સરળતા માટે અમરેલીના એસપીશ્રી મકરંદ ચૌહાણ દ્વારા રાજુલામાં ડીવાયએસપી કચેરી સ્થાપવાની ગૃહવિભાગને દરખાસ્તા મોકલાઇ હોવાનું જાણવા મળેલ છે.

જાણવા મળતી માહિતી અનુસાર અમરેલી જિલ્લામાં હાલમાં ડીવાયએસપી (વિભાગીય પોલીસ અધિક્ષક)ની બે કચેરી છે જે પહેલા ઘારી હતી તેને સાવરકુંડલા ખસેડાઇ છે અને એક અમરેલી છે અમરેલી, લીલિયા, લાઠી, દામનગર, બગસરા, ચલાલા, વડિયા જેવા શહેરો અમરેલી ડીવાયએસપી કચેરી હેઠળ છે. જયારે કુંડલામાં રાજુલા, જાફરાબાદ, ખાંભા, નાગેશ્રી,મરીન, પીપાવાવ, ડુંગરજેવા પોલીસ મથકો છે.અમરેલી જિલ્લામાં વધતી સંખ્યા અને સ્થિતિને ધ્યાને લઈને અમરેલીનાં એસપીશ્રી મકરંદ ચૌહાણ દ્વારા રાજુલામાં નવી ડીવાયએસપી કચેરી સ્થાપવાની દરખાસ્ત ગૃહમંત્રાલયને કરી દેવાઈ છે અને આગામી બજેટમાં આ કચેરી મંજૂર થયેથી લીલિયાને સાવરકુંડલા કચેરી હેઠળ મુકવામાં આનાર હોવાનું જાણવા મળેલ છે.

જેની રગેરગમાં પ્રકૃતિ ધબકી રહી છે તેવા ભનુભાઇ પોતાનાં લગ્ન અવસરની અનોખી રીતે ઉજવશે

ધારીના કોટડા ગીરના પ્રકૃતિપ્રેમી ભનુભાઇ મકવાણા શુભલગ્ન પ્રસંગ નિમિતે ગોવાળોનું લાકડી, શાલ ઓઢાડી સન્માન કરશે

૧૧૦૦ નાળીયેરથી કીડીયારુ પુરયુ : આજે ગાય કુતરાને લાડુ, તા.૧૦મીએ ગૌરક્ષકોનું સન્માન, વડનું વૃક્ષારોપણ

અમરેલી,સૌરાષ્ટ્રમાં અનેક દાનવીરો સમયોચીત સમયે વિવિધ સંસ્થાઓ અને સારા કાર્યોમાં દાન આપી પોતાની સુવાસ પ્રસરાવે છે તો બીજી તરફ પ્રકૃતિ પ્રેમીઓ પણ પર્યાવરણને જાળવવા માટે વિવિધ કાર્યક્રમો થકી સ્વચ્છતા અને પર્યાવરણ, પ્રકૃતિની જાળવણીમાં પોતાનું યથાયોગ્ય યોગદાન આપી રહ્યા છે. જેમાંના એક જાણીતા ધારી તાલુકાના કોટડાગીર ગામના પર્યાવરણ પ્રેમી શ્રી ભનુભાઇ વી.મકવાણા છે. કે જેઓના પોતાના આગામી તા. ૧૪ મી ફેબ્રુઆરીના નિર્ધારેલ શુભલગ્ન પુર્વે તા. ૬ થી ૧૧ ફેબ્રુઆરી સુધી પશુઓ અને પર્યાવરણ તેમજ ગૌવાળોનું સન્માન જેવા કાર્યક્રમો યોજી એક નવલી ભાત પાડવાનો પ્રયાસ કરેલ છે. ધારી તાલુકાના કોટડાગીર ગામના ભનુભાઇ વાઘાભાઇ મકવાણાએ પોતાના શુભલગ્ન પ્રસંગ નિમિતે તા. ૬ અને ૭ ના રોજ ૧૧૦૦ નારીયેળના કીડીયારુ પુરવુ, તા .૮ ના રોજ ગાય કુતરાને ૧૦૨૧ કિ.ગ્રા. લાડુ ખવડાવવા, તા. ૧૦ ના રોજ ચાંમુડા માતાજીના મુક્તીના સામૈયા તથા તાલુકાના ગૌવાળોનું લાકડી અને શાલથી સન્માન, તા. ૧૧ ના રોજ ૧૧૧ વડનું વૃક્ષારોપણ અને વડ ઉછેરમાટે રૂા. ૧૧૦૦ નું ઈનામ તેમજ ગૌશાળાના ગૌ ભકતો વિદીપના આગેવાનોનું સન્માન કાર્યક્રમ આમંત્રીત મહાનુભાવો અને સાધુ સંતોની ઉપસ્થિતીમાં કરેલ છે.

તા. ૧૦ ના રોજ યોજનાર ગૌ રક્ષક અને ગૌવાળોના સન્માન કાર્યક્રમમાં સંતો મહંતો વનવિભાગના અધિકારીઓ સુરતના અગ્રણી ઉદ્યોગપતિ ધારાસભ્યશ્રીઓ, પ્રીન્ટ મિડિયાના પત્રકારો, પ્રતિનિધિઓની ઉપસ્થિતીમાં સન્માન સમારોહ યોજાનાર છે. ભનુભાઈ મકવાણાએ પોતાની લગ્ન કંકોત્રીમાં પ્રકૃતિ સંદેશ સાથે વૃક્ષો,દિકરી વ્હાલનો દરિયો અને મા - બાપને ભુલશો નહિનો સંદેશો છપાવી કુટુંબીજનો શુભેચ્છકો, મિત્ર મંડળ સમક્ષ વહેતો મુકયો છે.

અમરેલીમાં માતૃભાષા ગૌરવ સપ્તાહ ઉજવાશે

સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ રૂપાયતનનું ભવ્ય આયોજન

અમરેલી,અમરેલીમાં સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ રૂપાયતન અને દિપક હાઈસ્કૂલ દ્વારા તા.૧૫થી ૨૧ ફેબ્રુઆરી સુધી માતૃભાષા ગૌરવ સપ્તાહ ઉજવાશે. તા.૧૫ના રોજ બાળ સાહિત્ય પરિસંવાદ, બાળ સાહિત્યકારોનું સન્માન, પુસ્તક લોકાર્પણ સવારે ૯-૩૦ થી ૫ બાલભવન અમરેલી અને તા.૧૬-૨-૧૫ સોમવારે બાળકોની વકતૃત્વ સ્પર્ધા તા.૧૭-૨-૧૫ મંગળવાર અમરેલી શહેરનાં અલગ અલગ વિસ્તારના પરિવારોમાં નિશુલ્ક સત્યશીલ સાહિત્યના એક પુસ્તકનું બાળકો દ્વારા વિતરણ કરાશે. તા.૧૮ બુધવારે પાઠ પુસ્તકમાં ન હોય તેવી બે ટુંકી વાર્તાઓ પરિચય અને તા.૧૯ ગુરુવાર ગુજરાતી ભાષાની કોઈ એક સત્યશીલ નવલકથાનો પરિચય, તા.૨૦ શુક્રવાર સ્થાનિક કવિ પ્રતિભાઓનો પરિચય તા.૨૧ શનિવારે સન્માન કાર્યક્રમ, પુરસ્કાર વિતરણ અને વકતવ્યો યોજાશે. તેમ સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ રૂપાયતન દ્વારા જણાવ્યું છે.

અમરેલી અવધ નાગરિક શરાફી સહકારી મંડળીનાં ડિરેકટર શ્રી કિશોરભાઇ જાનીનાં સસરાનું નિધન

વડાલ અને મહુવા પંથકમાં વ્યાપેલો ઘેરો શોક

અમરેલી, અમરેલીનાં જાણીતા આર્કિટેક અને અવનાગરિક શરાફી સહકારી મંડળીનાં ડિરેકટર શ્રી કિશોરભાઈ જાનીનાં સસરા મુળ મોટી વડાલ હાલ મહુવા રહેતા રાજગોર લાભશંકરભાઈ ધનજીભાઈ રાજગોર (શિક્ષક) ઉ.વ.૮૦નું નિધન થયુ છે તેઓ શ્રી કેતનભાઈ મહેતા (કોન્ટ્રાકટરનાં પિતાશ્રી અને સ્વ.શાંતિભાઈ ધનજીભાઈ રાજગોરનાં લઘુબંધુ તથા નારણભાઈ અને મનસુખભાઈ મોટાભાઈ અને જયશ્રીબેન અને પદમાબેન મુકેશભાઈ રવિયા (સાવરકુંડલા), સ્મીતાબેન અનિલભાઈ દવે (બાબરા), ક્ષમાબેન કિશોરભાઈ જાની (અમરેલી), રક્ષાબેન રસિકભાઈ દવે (જામખંભાળિયા)નાં પિતાશ્રી અને સ્વ. મણીકાંતભાઈ કાનજીભાઈ દવે તથા કેશવભાઈ કાનજીભાઈ દવે, અશોકભાઈ કાનજીભાઈ દવે, વિનોદભાઈ કાનજીભાઈ દવે રાજુલાનાં બનેવી થાયસદગતનાં નિધનથી અમરેલી વડાલ અને મહુવા પંથકમાં ઘેરો શોક વ્યાપી ગયો છે. સદગતનું બેસણુ, સાદડી તા.૭-૨-૧૫ શનિવારનાં રોજ બપોરે ૩થી ૬ તેમના નિવાસસ્થાને મહુવા ખાતે રાખેલ છે.

ડેડાણમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયુ

ખાંભા,ખાંભાના ડેડાણમાં તા. ૨ ના સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્વચ્છતા અભિયાન ગામની બજારોમાં ઝુંબેશ શરૂ થતા ટીડીઓ જનકભાઈ ભટ્ટ, સરપંચ નટુભાઈ રાઠોડ, તલાટીમંત્રી એ.બી.વાજા, ગ્રા.પં. ના સદસ્યો, પ્રાથમિક શાળાનો સ્ટાફ, પી.એચ.સી. સેન્ટરનો સ્ટાફ ગ્રામજનો જોડાયેલ.

અલ્ટ્રાટેક કંપનીનાં મટીરીયલ્સ ડીપાર્ટમેન્ટ દ્વારા

જાફરાબાદમાં મટીરીયલ્સ સપ્લાયરોની બેઠક મળી

જાફરાબાદ,જાફરાબાદમાં આદિત્ય બીરલા અલ્ટ્રાટેક સીમેન્ટના મટીરીયલ્સ ડીપાર્ટમેન્ટ દ્વારા સપ્લાયરોની બેઠક મળી હતી.જાફરાબાદ ખાતે અલ્ટ્રાટેક સીમેન્ટ કંપનીની માનુની કલબ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રના કંપનીના સપ્લાયરોની બેઠકમાં દિપ પ્રાગટય નર્મદા યુનિટ હેડ સંજય પોદારના હસ્તે કરી અને કોન્ટ્રાકટરોને પડતી મુશ્કેલી અંગે મંતવ્યો રજુ કર્યા હતા અને કોન્ટ્રાકટરો તરફથી ઈપેમેન્ટની કામગીરી કંપની દ્વારા કરી જેથી કોન્ટ્રાકટરોમાં રાહતની લાગણી જન્મી હતી. તેમજ કંપની દ્વારા ઝડપભેર વર્કઓર્ડરો સેફટી અંગેની જાણકારી આપવામાં આવી હતી. આ બેઠકમાં સંજય પોદારે જણાવેલ કે કંપનીના અધિકારીઓ કર્મચારીઓ સાંકળરૂપે હોય છે જેની એકબીજા વગર કંપની પ્રગતિ કરી શકતી નથી. આ બેઠકમાં સ્થાનિક અગ્રણી ચેતનભાઈ શિયાળ, મનહર બારૈયા, સુનિલ ચૌહાણ, કિરણ મોર, પત્રકાર કનુભાઈ વરૂ, શશીભાઈ રાજયગુરુ, સરપંચ બચુભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કંપનીના અધિકારીશ્રીઓ સંજય પોદાર પીએફ રાવ, પ્રસાદરાવ, મેજર માવા, સ્ટોર મેનેજર મુકેશ દોશી, ઉપેન્દ્ર, નટુભાઈ જુનજુનવાલા, પિનાકીન પારેખ, જનકભાઈ પાઠક, જયેશભાઈ ગોસ્વામી, રાજેશ ત્રિવેદી, યુસુફભાઈ ઉનાવાળા, મહેશભાઈ પટેલ, દિપકભાઈ મદાવલે, લાઠી સાહેબ વગેરે હાજર રહ્યા હતા.

કિંગ્સ કેટરર્સ & ડાઇનીંગ હોલ

સ્ટે. ગુજરાતી શાળી - માર્કેટયાર્ડ સામે

જમવા માટે પધારો

ઓર્ડર કેટરીંગ સેડ

(૭૨૮૭૨) ૨૩૩૪૪૬

રમેશભાઇ આર. પટેલ મો. ૯૮૨૫૫ ૪૬૮૦૨

દેવરાજ આર. પટેલ મો. ૯૮૨૫૬ ૨૪૬૦૮

ખેડુત ભાઇઓ માટે ખુશ ખબર...

કપાસ બોલગાર્ડ બિયારણ ચુવા ૭૨૫૫ તથા ટાટા કંપનીનું બોલગાર્ડ કેલાસ BtBG11 અને અનમોલ બિયારણ ઉતમ વેરાયટી છે જે આપ જાણો છો.

તે મેળવવા માટે બુકીગ ચાલુ કરેલ છે. તો હાલ ૧ પેકેટના રૂા.૨૦૦/- ભરી અને પહોચ મેળવી લેવા વિનંતી

: બુકીગ સ્થળ :

અમરેલી તાલુકા સંઘ લી. જયુબીલી ઘર્મશાળા,

દુ.નં.૩ મો.૯૪૨૮૭ ૧૨૮૫૫, દુ.નં.૭,મો.૯૮૨૫૫ ૪૨૩૧૧

(૨) વડીયા જુથ વિ.વિ.કા. સહકારી મંડળી લી. જુ.વડીયા

ઓ.ડી.પટેલ ફર્ટીલાઇઝ અમરેલી

૯૪૨૭૭ ૨૯૫૫૫

સત્યમેવ જયતે

AVADH TIMES DAILY

અવધ ટાઇમ્સ

અમરેલી તા.૭-૨-૨૦૧૫ શનિવાર

પાના નં ૭

હરસ, ભગંદર, ફીશરની સંપૂર્ણ સારવાર

ઉંઠ કાર એનોરેકટલ કલીનીક

ડો. પ્રણવ ડો. સાપરીયા BHMS

રેડ કોર્નર

રહસ્ય

તીશા ચોપરા

આશીર વિદ્યાર્થી

મિતા વશ્રીષ્ઠ

કે.કે.મેનન

રેગ્યુલર શો

અમરેલી જિલ્લામાં ઠંડીનું પ્રમાણ ઘટયું : સવારે બેઠો ઠાર, બપોરે ઉનાળા જેવું વાતાવરણ : મિશ્ર ઋતુનો અહેસાસ

જય ચામુંડામાં શ્રી ગણેશાયનમઃ જય ભવાનીમાં

પ્રિન્સ ઓરકેસ્ટ્રા

આપને ત્યાં આવતા શુભ લગ્ન પ્રસંગે લગ્નગીત, દાંડીયારાસ, રિસેપ્સનન તથા ઓરકેસ્ટ્રાના તમામ સ્ટેજ પ્રોગ્રામ માટે મળો

મો. ૯૮૨૫૬ ૩૦૭૭૩

ટેન્ડર જાહેરાત

ઓલોનિક તાલીમ સંસ્થા, ખાંભા, જી.અમરેલી

સમય મર્યાદા વધારેલ ખાતા

ટેન્ડર નં.૧ ની જાહેરાત અગાવે અમોએ કોમ્પા દ્વારા ટેન્ડર મંગાવવામાં લેવામાં આવેલ હતી. તા.૨૦/૧/૨૦૧૫ સુધીમાં ટેન્ડર ભરવાના હતા. તે ટેન્ડર મુદત તા.૧૬/૧/૨૦૧૫ સુધી મંગાવેલ હતા. તા.૧૩/૧/૨૦૧૫ સુધી ટેન્ડર ભરવાની મુદત વધારવામાં આવે છે. ખાલી જગ્યા ટેન્ડર ભરવાની મુદત તા.૧૨-૦૦ કલાક સુધી લંબાવવામાં આવે છે. ખાલી જગ્યા ટેન્ડર ભરવાની મુદત તા.૧૩/૧/૨૦૧૫ સુધી લંબાવવામાં આવે છે.

ટેન્ડરની વિગત

મંત્રી પરીક્ષિત કાલીયા-પ્રોપરાઈટર ઓલોનિક તાલીમ સંસ્થા, ખાંભા

લાયસન્સ માટે મળો

આર.ટી.ઓ. તથા વિમા સલાહકાર

પ્રિન્સ ઓટો એડવાઇઝર : ભરતભાઇ : ૮૬ ૯૦૨ ૮૦૦ ૮૦

જમીન મકાન લે - વેચ

માટે મળો : જિ.પંચાયત રોડ સરદાર કોમ્પલેક્ષ દુ.નં.૭૬ - પ્રિન્સ એસ્ટેટ બ્રોકર

ભરતભાઇ : ૮૬ ૯૦૨ ૮૦૦ ૮૦

અમરેલી કોર્ટ

અમરેલીના મહે. બીજા એડી. ચીફ. જયુ. મેજી.સાહેબ શ્રી કોર્ટમાં મું. અમરેલી રૂ.નં. ૨૨૧

ફોજદારી પરચુરણ અરજ નં. ૫૩૩-૧૪ મુદત તા.૨૫-૨-૧૫

અરજદાર :- અનુબેન જયંતીભાઇ હળવદીયા રહે. કુંકાવાવ રોડ, જકાતનાકા પાસે, સુળીયાટીબા અમરેલી

વિરૂધ્ધ સામાવાળા :- ચીફ ઓફિસરશ્રી અમરેલી નગરપાલિકા અમરેલી

જાહેર નોટીસ

આથી લાગના વળગના તમામને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, ઉપર જણાવેલ અરજદાર તર્ફે તેમના વકિલ શ્રી એ.યુ.અહલેએ અરજદારની પુત્રી રંજનબેન જયંતીભાઇ હળવદીયાની જન્મ તા.૧-૯-૧૯૯૦ તથા પુત્ર ગોપાલ જયંતીભાઇ હળવદીયા ની જન્મ તા.૧૬-૧૨-૧૯૯૯ના રોજ અમરેલી મુકામે થયેલ હોવાની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ સદરહું અરજી સબંધે કોઇપણ ઇસમને વાંધો તકરાર હોય તો તેમણે મુદત તા. ૨૫-૨-૧૫ નારોજ સવારના ૧૦-૩૫ કલાકે ખિનયુક્ત હાજર રહેવું તેમ કરવામાં કસુર થયેથી નામ. કોર્ટ યોગ્ય તે આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેવી. આજ રોજ તા. ૪ માહે ૨ સને ૨૦૧૫ને મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

તૈયાર કરનાર આર.એ.જાડેજા આસી. | મુકાબલ કરનાર એ.એ.પંડયા આસી. | હુકમથી જે.જે. પરમાર રજીસ્ટ્રાર ચીફ જયુ.મેજી. કોર્ટ - અમરેલી.

ભાવભરી શ્રધ્ધાંજલી

સ્વ.દરબારશ્રી રૂખડવાળા દેવાભતવાળા સાહેબ

જન્મ તા. ૧૮-૦૧-૧૯૧૨ સ્વર્ગવાસ તા. ૧૬-૦૧-૧૯૭૯

ગામ-મોટાવડા

ભાવભરી શ્રધ્ધાંજલી

સ્વર્ગસ્થ પુત્રો

વાલા મેઘાભાઇ રૂખડવાળા

વાલા વિરૂભાઇ રૂખડવાળા

વાલા વશરામભાઇ રૂખડવાળા

વાલા ભગવાનભાઇ રૂખડવાળા

સ્વર્ગસ્થ પુત્રીઓ

કોળીયા મધુબેન ભગવાનભાઇ

કોળીયા રૂપીબેન વશરામભાઇ

કોળીયા રૂપીબેન વાલાભાઇ

કોળીયા રાણાભાઇ વાલાભાઇ

શ્રધ્ધાંજલી

સુખ દુઃખમાં સદા હસ્તા રહયા તમે,
સૌના હૃદયમાં વસતા રહયા તમે,
હતા નજર સમક્ષ, પાંપણના પલકારે મોક્ષ પામી ગયા..... પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

લી.

સ્વ.માધાભાઇ રામજીભાઇ જુંજાળા - પ્રમુખશ્રી જાંજરડા જુથ સે. સહ.મંડળી લી. (ઉ.વ.૮૨) ગામ જાંજરડા

મંગળુભાઇ માધાભાઇ જુંજાળા
ધીરૂભાઇ માધાભાઇ જુંજાળા
મો.૯૯૧૩૯ ૩૮૬૩૫
કનુભાઇ માધાભાઇ જુંજાળા
જીજ્ઞેશભાઇ વિનુભાઇ જુંજાળા

શેફાભાઇ મથુરભાઇ જુંજાળા
સડથાભાઇ ભુરાભાઇ જુંજાળા
કથડભાઇ મથુરભાઇ જુંજાળા
ભુપતભાઇ મથુરભાઇ જુંજાળા
આનંદભાઇ ભુરાભાઇ જુંજાળા
મો. ૯૮૨૪૪ ૪૭૨૩૩
મગનભાઇ મથુરભાઇ જુંજાળા

છગનભાઇ દાનાભાઇ જુંજાળા - સરપંચશ્રી જાંજરડા

જાહેર નોટીસ

અમરેલીના મહે પાંચમાં એડી.સીની.સીવીલ જજ શ્રી યુ.એમ.વ્યાસ સાહેબની કોર્ટમાં મુ. અમરેલી રૂમ નં.૨૨૪

દિવાની પરચુરણ અરજ નં.૫/૧૫ મુદત તા. ૭/૩/૨૦૧૫

અરજદાર : ગુજ. હીરાભાઇ પાલાભાઇ ખરા ઉર્ફે શીવગીરી મનુગીરીના કાયદેસરના વારસદારો (૧) વાલીબેન હીરાભાઇ ખરા ને ગુજ.ના વિધવા ઓરત ઉ.વ.આ.૫૦ ધંધો ઘરકામ, ધર્મે હિન્દુ, (૨) પરશોતમભાઇ હીરાભાઇ ખરા તે ગુજ. ના પુત્ર ઉ.વ.આ.૪૫ ધંધો મજુરી ધર્મે હિન્દુ (૩) ચંપાબેન હીરાભાઇ ખરા તે ગુજ. ના પુત્રી ઉ.વ.આ.૪૦ ધંધો ઘરકામ, ધર્મે હિન્દુ રહે. ઠે.આસોપાલવ સોસાયટી હાયસણી રોડ સા.કુંડલા તમામ સાવરકુંડલા જિ.અમરેલી

વિરૂધ્ધ .....સામાવાળા કોઇનો.....

અરજદારના વકિલશ્રી જે.ડી.ગાડોદ, એમ.એચ.ચાવડા

આથી લાગના વળગનાઓને આ જાહેર નોટીસથી જણાવવાનું કે, ઉપરોકત અરજદારે તેમના વકિલશ્રી જે.ડી.ગાડોદ, એમ.એચ.ચાવડા મારફતે હીરાભાઇ પાલાભાઇ ખરા ઉર્ફે શીવગીરી મનુગીરીના નામે ધારી પોસ્ટ ઓફિસમા ખાતા નં.૧૫૩૮૦૧૫ મા મુકવામા આવેલ રૂા. ૨૫૦૦૦/-તથા તેની ઉપર મળવાપાત્ર વ્યાજ લીધાની રકમ અરજદારને ચુકવવા તેમજ વારસદાર તરીકે અરજદારોના નામ દાખલ કરવા તથા અરજદારોના નામે વારસાઇ સર્ટીફીકેટ કઢી આપવા અરજ કરેલ છે. ઉપર મુજબની મિલકતનું વારસાઇ સર્ટીફીકેટ મળવા અરજદાર અરજ કરેલ છે. જે સામે કોઇને વાંધો તકરાર હોય તો તેઓએ મુદત તા.૦-૩-૨૦૧૫ ના રોજ સવારના ૧૧ કલાકે અત્રેની કોર્ટમાં હાજર રહેવું તેમ કરવામા કસુર થયેથી આગળનો હુકમ કરવામા આવશે. આજ રોજ તા.૪-૨-૧૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો

તૈયાર કરનાર આશિષ આર.નરેલા આસી. | મુકાબલ કરનાર પ્રકાશ એન.ગોહેલ આસી. | હુકમથી પી.એસ.રાજા રજીસ્ટ્રાર પ્રિન્સી સીની. સિવિલ કોર્ટ અમરેલી

જાહેર નોટીસ

મહે. શ્રી ધારીના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ધારી

ફોજદારી પરચુરણ અરજ નં.૧૨૧/૨૦૧૫

અરજદાર : શાંતાબેન બાલુભાઇ બોરડ ઉ.વ.૬૫, ધંધો નિવૃતી રહે કોઠાપીપરીયા તા.ધારી જી.અમરેલી

વિરૂધ્ધ:સામાવાળા : ગ્રામ પંચાયત -દેવળા તા.ધારી, જિ.અમરેલી

અરજદારના એડવોકેટ : આનંદ કે.ચાવડા રે.ધારી તા.ધારી

આથી લાગતા વળગતા સર્વેને જણાવવામાં આવે છે કે ઉપરોકત અરજદારે અત્રેની કોર્ટમાં આ અરજી કરી તેમના બહેન નર્મદાબેન ઉર્ફે નથુબેન વાલજીભાઇ કાનાણી નો જન્મ તા. ૧/૫/૧૯૪૧ના રોજ દેવળા મુકામે થયેલ જેની જન્મ નોંધ સામાવાળા ગ્રામ પંચાયત કરી આપે તેવો હુકમ મળવા માંગણી કરેલ છે આ અરજી સામે જે કોઇને કાંઇ વાંધો તકરાર કે હરકત હોય તેમણે મુદત તા. ૨૬-૨-૧૫ ના રોજ અત્રેની કોર્ટમાં ૧૦-૩૦ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય તે ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. ધારી તા. ૬-૨-૧૫

તૈયાર કરનાર એમ.કે.મકવાણા- આસી. | હુકમથી ડી.એમ.સોલંકી - રજીસ્ટ્રાર જયુ. મેજી. ફ.ક. કોર્ટ - ધારી

જાહેર નોટીસ

મહે. શ્રી ધારીના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ધારી

ફોજદારી પરચુરણ અરજ નં.૧૨૨/૨૦૧૫

અરજદાર : શાંતાબેન બાલુભાઇ બોરડ ઉ.વ.૬૫, ધંધો નિવૃતી રહે કોઠાપીપરીયા તા.ધારી જી.અમરેલી

વિરૂધ્ધ:સામાવાળા : ગ્રામ પંચાયત -દેવળા તા.ધારી, જિ.અમરેલી

અરજદારના એડવોકેટ : આનંદ કે.ચાવડા રે.ધારી તા.ધારી

આથી લાગતા વળગતા સર્વેને જણાવવામાં આવે છે કે ઉપરોકત અરજદારે અત્રેની કોર્ટમાં આ અરજી કરી તેમના બહેન ની પુત્રી શારદાબેન મથુભાઇ ભાલાણાનો જન્મ તા. ૧૪/૧/૧૯૬૦ના રોજ દેવળા મુકામે થયેલ જેનો જન્મ નોંધ સામાવાળા ગ્રામ પંચાયત કરી આપે તેવો હુકમ મળવા માંગણી કરેલ છે આ અરજી સામે જે કોઇને કાંઇ વાંધો તકરાર કે હરકત હોય તેમણે મુદત તા. ૨૬-૨-૧૫ ના રોજ અત્રેની કોર્ટમાં ૧૦-૩૦ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય તે ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. ધારી તા. ૬-૨-૧૫

તૈયાર કરનાર | હુકમથી રજીસ્ટ્રાર જયુ. મેજી. ફ.ક. કોર્ટ - ધારી

જાહેર નોટીસ

મહે. શ્રી ધારીના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ધારી

ફોજદારી પરચુરણ અરજ નં.૧૨૪/૨૦૧૫

અરજદાર : વેલજીભાઇ પુંજાભાઇ ખચાડા રહે. ખીચા

વિરૂધ્ધ:સામાવાળા : ગ્રામ પંચાયત - ખીચા

અરજદારના એડવોકેટ : કે.આર.હિરપરા

આથી લાગતા વળગતા સર્વેને જણાવવામાં આવે છે કે ઉપરોકત અરજદારે અત્રેની કોર્ટમાં આ અરજી કરી તેઓના પુત્ર બાબુભાઇ વેલજીભાઇ કાયાડાની જન્મ તા.૧-૬-૧૯૫૦ની જન્મ નોંધ સામાવાળા ગ્રામ પંચાયત કરી આપે તેવો હુકમ મળવા માંગણી કરેલ છે આ અરજી સામે જે કોઇને કાંઇ વાંધો તકરાર કે હરકત હોય તેમણે મુદત તા. ૧૨-૨-૧૫ ના રોજ અત્રેની કોર્ટમાં ૧૦-૩૦ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય તે ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. ધારી તા. ૩-૨-૧૫

તૈયાર કરનાર એમ.કે.મકવાણા- આસી. | હુકમથી ડી.એમ.સોલંકી - રજીસ્ટ્રાર જયુ. મેજી. ફ.ક. કોર્ટ - ધારી

જાહેર નિવિદા નં.૩ (૨૦૧૪-૧૫)

ગુજરાત રાજ્ય પુરવઠા અને ગ્રાહક વ્યવહાર નિગમ લિ. વતી પ્રતિષ્ઠાન ધરાવતા, ખાદ્ય સામગ્રી વિતરણ કેન્દ્ર નં.૩,૫,૧૫ અને ૩૦ તા.અમરેલી, "ખાદ્ય સામગ્રી", એલ.આર.ડી. કોલેજ નીચે, કુકમ રોડ, અમરેલી ફોન નં.(૦૨૭૩૨) - ૨૨૩૬૧૩ ઘટક ના ક્રમ માટે ૩,૫,૧૫ અને ૩૦ તા.અમરેલી. ક્રમ ગુજરાત રાજ્ય ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા ઓનલાઇન ટેન્ડરો, ચોખાની (૧) સાધારણ ગુણ ચા.મુ. ઘોષણા મુજબ અને નિયંત્રણી મંજુરત કિંમતે ટેન્ડરોક મારેલા ફોર્મેટમાં પ્રિન્ટ સ્ટેશનરી ફોર્મ ઘઉંની ઝોનવાર ક્રમ (૨) સાધારણ ગુણ ચા.મુ. ઘોષણા ટેન્ડર ઘઉંની ઝોનવાર ઘઉંના રેટ્સ ઓનલાઇન ભરી નાખવાના સાથે ઘટકવાર નહીંમાં તફાવત મંગેલ તેમજ ઘટકવાર નહીંમા કઇ ચીજ મંગેલ ઘટકવાર્ગ ક્રમ (૩) સાધારણ ઝોનવારની ઝોન ટેન્ડર ભરવાની ફુલસ્કેપ નોટ ઓનલાઇન સાથેના નોટ ઓનલાઇન ઘટકના ક્રમાંકમાં જમીન તમની રાખી તથા સોલ્ટ પોસ્ટ બાબતનું ક્રમ.૩ ક્રમ.૫.૧૫.૩૦ ક્રમ ૩ ટેન્ડરી રજીસ્ટર નોટ પે.ઈ. થી જોઇતાંમ ક્રમમાં મળે તે રીતે મંગાવવાં આવે છે.

આ કામના ક્રમ ટેન્ડરી નિયમોનુસાર ટેકનોલોજીથી ઘટકે ઘંઘુ કામની. તા.૦૬/૦૧/૨૦૧૫ સોમવાર ૧૬-૦૦ કલાક સુધી ઘંઘુ કામમાં આવશે. ઓરેલ ટેન્ડર રજુ.પે.ઈ.થી સિકકાવાળી તા.૧૩/૦૧/૨૦૧૫ ૧૬-૦૦ કલાક સુધી રહેશે. આ કામની સિકકાવાળી નોટીસ કલેકટર નોટીસ બોર્ડ પર જોવા મળશે.

માહિતી ખાતા ૩૧૧૪૬૨

જાહેર નોટીસ

દામનગર તા. લાઠી, જી.અમરેલી મધ્યે કચેરી ચોક મેઈન બજારમાં આવેલ મિલ્કત કે જે દામનગરના નગરપાલિકા વેરા રજીસ્ટરમાં મિલ્કત નં. ૧૮૭૩ પૈકી ૧ થી ૪ થી નોંધાયેલ છે, તે મીલ્કતમાં ભોંયતળીયાના ભાગે આવેલ "ગુરૂનાનક સીલેકશન" ના નામથી આવેલ દુકાનમાં અમોના અસીલો ભાડુત હક્કે કબ્જો ધરાવે છે, તથા તે મિલ્કત મુળ શાંતાબેન ભાઈચંદની આવેલ છે સદરહુ દુકાન અમોના અસીલના વડીલ પુરૂષ જૈરામદાસ મગનલાલ સુખવાણીએ રૂા. ૨૫,૦૦૦/- ની સુખડીની રકમ તથા માસીક રૂા.૧૧૧/- થી ભાડે રાખેલ હતી. આમ સદરહુ દુકાનમાં અમારા અસીલ ગુજ.જૈરામદાસ મગનલાલ સુખવાણીના વારસો કાયદેસરના ભાડુઆત હોય અમારા અસીલના ભાડુતી હક્કોને નુકશાન થાય તે રીતે મીલ્કતના મુળ માલીકના વારસો દ્વારા અવાર-નવાર અમારા ઉપરોકત અસીલને દુકાન ખાલી કરવા અંગે ભાડુતી અને માથાભારે માણસો રાખી ધાક ધમકી આપી દુકાન યેનકેન પ્રકારે ખાલી કરાવવાની પેરવીઓ કરાવી રહયા છે અમારા અસીલના ભાડુતી કબજા હક્કવાળી મિલકત ખાલી કરાવવા અંગે બીજી ગેરકાયદેસરની પ્રવૃતી કરવામા આવશે તો અમારા અસીલને નાછુટકે કાયદેસરની સલાહ મળ્યા મુજબ કાર્યવાહી કરવાની ફરજ પડશે જેની નોંધ દરેક લાગતા વળગતાએ લેવી

દામનગર તા.૫-૨-૨૦૧૫
ઓફિસ - જી/એફ-૫૫,
બિઝનેસ સેન્ટર
ઘોઘાગેઇટ, ભાવનગર

અસીલની સુચના અનુસાર
કે.એન.હરીયાણી
પી.એમ.ઝાલા એડવોકેટ

ભાવભરી શ્રધ્ધાંજલી

સ્વ.મોહનભાઇ હરીભાઇ સોજીત્રા

સ્વ.તા.૩-૨-૨૦૧૫ પુર્વ પ્રમુખ અમરેલી નગરપાલિકા

સુખ દુઃખમાં સદા હસ્તા રહયા તમે, સૌના હૃદયમાં વસતા રહયા તમે, હતા નજર સમક્ષ, પાંપણના પલકારે મોક્ષ પામી ગયા..... ઈશ્વર અલ્લાહ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

હાજી યુનુસભાઇ (મોબત ખપે ટ્રાન્સપોર્ટ)
હાજી રજાકભાઇ (નુરી ટ્રાન્સપોર્ટ)
હાજી અહેમદભાઇ (મોબત ખપે ટ્રાન્સપોર્ટ)
યાસીનભાઇ (નુરી પેટ્રોલીયમ)

શ્રધ્ધાંજલી

સ્વ. અલ્પાબેન અલ્પેશભાઇ દોશી

સ્વ.તા.૨૦-૧-૧૫ ઉ.વ.૪૨)

જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત,એ સનાતન સત્ય હોવા છતા, કેટલાક મૃત્યુ એવા હોય છે કે,તેના ઘાવ કદી રૂઝાતા નથી. ઈશ્વર અલ્લાહ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.

જનાબ નિજામખાં હસનખાં ભાઇ પઠાણ - (રૂબીવાળા)

પ્રમુખશ્રી આર.ટી.આઇ. માહીતી અધીકાર એકટીવીસ્ટ - ડેડાણ

પુર્વ પ્રમુખશ્રી મુસ્લીમ જમાત

પુર્વ પ્રમુખ ડેડાણ સેવા સહકારી મંડળી

પુર્વ ઉપસરપંચ ડેડાણ ગ્રામ પંચાયત

તથા પઠાણ પરીવાર મુ. ડેડાણ તા.ખાંભા

મો. ૯૯૭૪૫ ૫૮૫૦૮

જાફરાબાદ નગરપાલિકા -જાફરાબાદ,જિ. અમરેલી

જાહેર નિવિદા ૯૨૮/૧૪-૧૫તા.૫/૨/૧૫

જાફરાબાદ નગરપાલિકા તરફની સ્વર્ણજયંતીમાંથી સ્ટ્રીટ લાઈટ માટે નીચે મુજબના માલસામાન માટે ભાવ માંગવામા આવે છે.

(૧) સ્ટ્રીટ લાઈટ માટે ૬.૦૦ મી. લંબાઈના જી.આઈ. પોલ – ૩૦ નંગ
બોટમ ૮૮.૯×૪.૦૫એમએમ×૩.૦૦મી
મીડલ ૭૬.૧ ×૩.૨૫એમએમ×૧.૫ મી.
ટોપ ૬૦.૦×૨.૯૦એમએમ×૧.૫ મી.
જોકેટ ૪૦ એમએમ ડાયા. × ૧ મી. લંબાઈ સીંગલ આર્મ

ઉપરોકત ભાવ બંધ કવરમા તા.૧૮/૨/૨૦૧૫ સુધીમા નગરપાલિકા કચેરી માં પંહોચતા કરી આપવાના રહેશે. માલસામાન નગરપાલિકાના સ્ટોર સુધી પંહોચતા કરી અને તમામ ટેક્ષ સહીત ૧ નંગ ના ભાવ આપવાનારહેશે. ગરતી ભાવો મંજુર કરવામા આવશે નહી.માલસામાનમા કોઈ તુટભાંગ થશેતે સપ્લાયરે બદલી આપવાના રહેશે.

કે.એમ. કોલડીયા
ચીફ ઓફીસર
જાફરાબાદ નગરપાલિકા

ભગુભાઈ જી. સોલંકી
પ્રમુખ
જાફરાબાદ નગરપાલિકા

ગાયત્રી મોક્ષધામમાં અમરેલીમાં આવતા મૃતદેહોને અગ્નિદાહ દેવા માટે લાકડા તેમજ ડીઝલ ચુલથી અંતીમ સંસ્કારના કાર્ય માટે કર્મચારીની જરૂરીયાત હોય

રહેવાની વ્યવસ્થા અલાયદી આપવામા આવશે.

તા.૧૫-૨-૨૦૧૫ સુધીમાં લેખીત અરજી સાથે સંપર્ક કરવા વિનંતી

સંપર્ક સ્થળ સ્મશાન સેવાસમીતી

C/O પાંજરાપોળ ગૌશાળા કાર્યાલય

પાણી દરવાજા રોડ અમરેલી, ફોન ૨૨૨૮૧૧,

શાન્તીભાઇ સાવલીયા મો. ૯૪૨૬૯ ૧૭૫૭૭

ફેસર કેરીનો રસ
(Frozen Mango Milk Shake)

सत्यमेव जयते
AVADH TIMES DAILY
અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર આવૃતિ
AVADH TIMES GROUP
પાના નં. ૮ અમરેલી તા.૭-૨-૨૦૧૫ શનિવાર

જીગરજાન ભાઇબંધને ત્યા લગ્નપ્રસંગ હતો અને તેવા સમયે બનેલી દુઃખદ ઘટનાને કારણે છવાયેલી શોકની લાગણી

તરકતળાવમાં અકસ્માતે થયેલા ફાયરીંગમાં કાઠી પ્રૌઢનું મોત

ગામડાના રીવાજ મુજબ સમી સાંજે ગામમાં ફુલેકુ નિકળ્યું હતું

પટેલ પરિવારમાં થયેલા લગ્નનુ જમણવાર વિનુભાઇ ધિનૈયાના અંગત ભાઇબંધ ઓઢભાઇ ધાધલને ત્યાંજ હતુ : પીસ્તોલમાંથી છુટેલી ગોળી ઓઢભાઇને વાગી

અકસ્માતની જાણ થતા રાત્રે કાઠી સમાજ સિવિલ હોસ્પિટલે દોડી ગયો

અમરેલી,અમરેલી તાલુકાના તટકતળાવ ગામે લગ્નના વરઘોડામાં અકસ્માતે લાગેલી ગોળીને કારણે કાઠી પ્રૌઢનું મોત નિપજતા લગ્ન સ્થળે સન્નાટો છવાઇ ગયો છે. અને પોલીસ બનાવના સ્થળે દોડી ગઇ છે.આ બનાવની પ્રાથમિક તબક્કે બહાર આવેલી વિગતો અનુસાર તરકતળાવ ગામે વિનુભાઇ નનુભાઇ ધીનૈયા નામના પટેલ ગૃહસ્થને ઘેર લગ્ન પ્રસં હતો અને સાંજના નિકળેલા ફુલેકા દરમિયાન થયેલા ફાયરીંગ ગોળી તરકતળાવના જ ઓઢભાઇ રામભાઇ ધાધલ ઉ.વ.૫૫ ને વાગી જતા તેને સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાયા હતા જવા તેમનું મૃત્યુ

(અનુસંધાન પાનાનં.૩)

જો ફરિયાદ કરીએ તો અમારા સબંધોનું શું ? અમારી ખાનદાની શું ?

કાઠી પરિવારની ખાનદાની : તરકતળાવની ઘટનામાં ઓઢભાઇ ધાધલના પરિવારનો ફરિયાદ કરવા ઇન્કાર

જેને ત્યાં લગ્ન હતા તે પટેલ પરિવાર અને કાઠી પરિવાર વચ્ચેના લાગણીશીલ સબંધોએ કાઠીયાવાડની સંસ્કૃતિ બતાવી દીધી

અમરેલી, અમરેલીના તરકતળાવની ઘટનાએ કાઠીયાવાડની અને કાઠી સમાજની ખાનદાની દેખાડી દીધી હતી. પટેલ પરિવારના ફુલેકામાં ફુટેલી બંધુકે એવા કાઠી પ્રૌઢના પ્રાણ હર્યા હતા કે જેને આ ફુલેકુ અંગત એટલે કે પોતાનું જ છે તેમ માનેલ અને આ જમણવાર પણ પોતાના ઘેર રાખ્યો હતો તેવા કાઠી ઓઢભાઇના પરિવારે અમારે કોઇ સામે કોઇ ફરિયાદ નથી કરવી થવાકાળ થઇ ગયું છે તેવુ પોલીસને જણાવી દીધુ હતુ.અને અહીં સબંધો કેવા હોય તેની સાચી વ્યાખ્યા પણ કાઠી સમાજે આપી દીધી હતી.

સવારે પોસ્ટ મોર્ટમ કરાશે

પોલીસ દ્વારા ચાર કાર્ટીસના ખોખા કબજે : સુરતથી ઓઢભાઇના બન્ને પુત્રો અમરેલી આવવા રવાના

તરકતળાવ ગામમાં સન્નાટો : આજે હાર્દિકના લગ્ન છે

અમરેલી, તરકતળાવ ગામે દોડી ગયેલી પોલીસ દ્વારા ગામમાંથી ચાર કાર્ટીસના ખોખા કબજે લેવાયા છે અને સુરત કતારગામમાં રહેતા ઓઢભાઇના બે પુત્રો રણજીતભાઇ અને કિશોરભાઇ અમરેલી આવવા રવાના થઇ ગયા છે અને આજે જેનો માંડવો અને ફુલેકુ હતુ તે ઓઢભાઇના ખાસ મિત્ર વિનુભાઇ ના પુત્ર હાર્દિકના આજે લગ્ન છે.આજે સવારે ઓઢભાઇનુ પોસ્ટ મોર્ટમ કરાનાર છે. અને નાના એવા ગામમાં આ દુખદ અને અણધારી ઘટનાને પગલે સન્નાટો અને શોક છવાયો છે.

અમરેલી કામનાથ ડેમ પાસે અકસ્માત

અમરેલીના કામનાથ ડેમ પાસે બે બાઇક અથડાયા હતા. અને આ બનાવમાં કોઇ જાન હાની કે પોલીસ ફરીયાદ થવા પામી ન હતી.

ડાંગાવદર ગામના રેવન્યુ વિસ્તારમાં સિંહણે ત્રણ બચ્ચાને જન્મ આપ્યો

ધારી (હસમુખ દવે),ધારી ગીર પુર્વના ડાંગાવદર વિસ્તારના ચાંદની રેવન્યુ વિસ્તારમાં એક સિંહણે ત્રણ બચ્ચાને જન્મ આપેલ હોવાનું ગામના આગેવાન પ્રવિણભાઇ દાફડાની યાદીમાં જણાવાયુ છે.

છેવાડાના ગામોમાં લોકોને ગામબેઠા સરકારશ્રી દ્વારા મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા તબીબી સેવા

ધારી અને ખાંભા તાલુકાને હંગામી ધોરણે મોબાઈલ હેલ્થ યુનિટ આપવાનો નિર્ણય

ખાંભા તાલુકામાં કોટડીયા પરિવાર દ્વારા હરતુ ફરતુ દવાખાનું કાર્યરત છે, ત્યારે વધુ ડીમાન્ડને પહોંચી વળતા ધારાસભ્યનું સફળ આયોજન

ધારી,રાજયના માન. મુખ્યમંત્રીશ્રી આનંદીબેન અને આરોગ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલની દીર્ઘ દ્રષ્ટિથી રાજય સરકારનાં આરોગ્ય અને તબીબી સેવાઓ દ્વારા જરૂરીયાતમંદ લોકોને તમામ પ્રકારની સારવાર અને દવા સમયસર મળી રહે તેવા હેતુથી અનેકવિધ યોજનાઓ કાર્યરત છે. ત્યારે આ યોજનાઓના લાભ ધારી, બગસરા

(અનુસંધાન પાનાનં.૩)

રાજકોટમાં પૂ. ગુરૂદેવ શ્રી મનોહર મુની મ.સા.નું તપસમ્રાટ તીર્થધામમાં પાવન પદાર્પણ થતા ભવ્યતિભવ્ય સ્વાગત કરાયું

જૈન જૈનેતરો ઉમટી પડયા : ભવ્ય સ્વાગત કરાયું : અનેક વિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

રાજકોટ, રાજકોટમાં પૂ. ગુરૂદેવશ્રી મનોહર મુની મસાનું તપસમ્રાટ તીર્થ ધામમાં પાવન પર્દાપણ થતા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ છે. ગૌરવવંતા ગોંડલ સંપ્રદાયના વર્તમાન ગાદીપતિ પૂ. ગુરૂદેવ શ્રી ગિરીશ મુની મસાના આજ્ઞાનું વર્તી અને આગમદિવાકર પૂ. સુશિષ્ય શ્રી જનકમુની મસાના સુશિષ્ય

(અનુસંધાન પાનાનં.૩)

બાબરાના ગરણી ગામે કુવામાં પડતા બાળકનું મોત

બાબરાના ગરણી ગામની સીમમાં સાયકલ ચલાવતા બાર વર્ષનો બાળક અકસ્માતે સાયકલ સાથે કુવામાં પડી જતા તેનું મોત થયુ હતું.

સ્વાદીષ્ટ ઔર પૌષ્ટીક આહાર કે લિઇ
નારાયણ
નારાયણ સોલવેક્ષ
ભાવનગર રોડ, એચ.પી. પેટ્રોલપંપ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨) - ૨૪૦૧૦૧ - ૨૪૦૬૦૨

રૂા.૫૦/- નું પેટ્રોલ તદ્દન ફ્રી
HP કંપનીનું Racer 4 ઓઇલ આપના ટુવ્હીલરમાં બદલાવો અને મેળવો રૂા.૫૦/- નું પેટ્રોલ તદ્દન ફ્રી
આ સ્કીમ મર્યાદીત સમય માટે જ
ક્રિષ્ના પેટ્રોલ પંપ - માણેક પરા, અમરેલી
ફોન :- (૦૨૭૯૨)૨૨૨૦૭૧

અમરેલી જિલ્લામાં નંબરવન બેન્ડ
ઓરીજનલ ઇબાહીમ ભાઇનું
(૭૦ વર્ષ જુનુ નામ)
ઝનકાર બેન્ડ
ચાંદની ચોક, અમરેલી
મો. ૯૯૨૫૪૬૪૪૬૭
મો. ૯૪૨૬૪ ૬૮૪૯૦

ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ - ધારી
જુના ગોડાઉનના ઉભા ઇમલાની જાહેર હરરાજીની જાહેર નિવિદા
આથી સર્વે રસ ધરાવનારાઓને જણાવવાનુ કે માર્કેટયાર્ડ ધારીના યોગાનમાં આવેલ જુના ગોડાઉનો - ૫ (પાંચ) ના ઉભા ઇમલાની જાહેર હરરાજી કરવાની છે જે મિલ્કતની વિગત નીચે મુજબ છે. (૧) ઇંટ પથ્થરના પાકા ચણતર વાળા ઉપર ગેલ્વેનાઇઝના પતરાવાળા છાપરા ગોડાઉન - ૨ (૨) ઇંટ પથ્થરના પાકા ચણતરવાળા ઉપર સીમેન્ટના પતરાવાળા છાપરા ગોડાઉન - ૨ (૩) ઇંટ પથ્થરના પાકા છાપરાવાળા ઉપર સ્લેબવાળુ ગોડાઉન - ૧ ઉપર જણાવેલ વિગતના પાંચ ગોડાઉનના ઉભા ઇમલાની જાહેર હરરાજી તા. ૧૨/૨/૨૦૧૫ ને ગુરૂવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકે ધારી મુકામે માર્કેટયાર્ડ યોગાનમાં સ્થળ ઉપર બાંધકામ સમિતિની રૂબરૂમાં રાખવામા આવેલ છે..
- આ અંગે રસધરાવનાર સર્વેને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે
- હરરાજીની બોલીની શરતો - નિયમો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે
- સદર ગોડાઉનો સમિતિના કામકાજના દિવસો દરમિયાન સવારના ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે તથા બપોરના ૩-૦૦ થી ૬-૦૦ કલાક દરમિયાન જોવા મળી શકશે
આર.કે.ગોંડલીયા સેક્રેટરી
શ્રી પરેશભાઇ પટણી વાઇસ ચેરમેન
શ્રી સુરેશભાઇ કોટડીયા ચેરમેન
ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ - ધારી

જિલ્લાના તમામ ખૂતમિત્રોને ખેડૂત ભાઇઓને ખુશ ખબર...ખુશ ખબર...

ડ્રીટ ટપક પધ્ધતિ તેમજ ફુવારા લાઇન સેટ કોલમ પાઇપ તથા P.V.C. પાઇપના વિક્રેતા
અમીધારા ડ્રીપ ઇરીગેશન - બાબરા
કરીયાણા રોડ, પહેલામાળે - બાબરા
કાળુભાઇ પોકળ
(ધરાઇવાળા) ૯૮૨૫૩ ૬૪૩૭૪

આર્કીટેકટ, કન્સલ્ટીંગ સીવીલ એન્જીનીયર

ગર્વ. એપૃ પેનલ એન્જીનીયર
ગર્વ. એપૃ. વેલ્યુઅર ના તમામ કામે માટે આજે જ સંપર્ક કરો
એમ.જે. ખુમાણ (બી.ઇ. સીવીલ)
મો. ૯૪૨૬૨ ૧૯૫૧૯ - ૯૮૨૫૧ ૧૯૫૧૯
રવિરાજ એન્જિનિયર (આર્કિટેક)
૭, સેકન્ડ ફલોર, કેશવ કોમ્પલેક્ષ, હોટેલ અવધની બાજુમાં, માર્કેટીંગ યાર્ડ રોડ, અમરેલી